આજનો સુવિચાર

કોણ સાચુ છે એ વાત મહત્વની નથી, પણ શું સાચું છે તે વાત મહત્વની છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૩૫ જૂનાગઢ તા.૨૨-૯-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 235, Junagadh : Date : 22 September, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

## મહિન્દ્રા કંપનીએ કેનેડામાથી કારોબાર સમેટી લીધો

નવી દિલ્હી તા. ૨૨

ભારત અને કેનેડા વચ્ચે વધી રહેલા વિવાદની અસર હવે બિઝનેસ પર દેખાઈ રહી છે. ભારત - કેનેડા વચ્ચે સતત તણાવ વધી રહ્યો છે. ભારતે હાલમાં



કેનેડાના નાગરિકોને વિઝા આપવાનું બંધ કરી દીધું છે. બંને દેશો વચ્ચેના તણાવ વચ્ચે મહિન્દ્રા ગ્રુપે પણ કેનેડાને મોટો ઝટકો આપ્યો છે. આનંદ મહિન્દ્રાની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ કેનેડામાં તેની કામગીરી બંધ કરવાની જાહેરાત કરી છે. આનંદ મહિન્દ્રાની કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ કેનેડા સ્થિત કંપની રેસન એરોસ્પેસ કોર્પોરેશન સાથેની ભાગીદારી સમાપ્ત કરવાની જાહેરાત કરી છે.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં સ્ટોક એક્સચેન્જને જાણ કરી છે કે રેસન એરોસ્પેસ કોર્પોરેશન, કેનેડાને ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ કોર્પોરેશન કેનેડા તરફથી સર્ટિફિકેશન ઓફ ડિજોલ્યુશન મળી ગયું છે, જેના વિશેની માહિતી કંપનીને આપવામાં આવી છે. મહિન્દ્રાએ કહ્યું કે આ સાથે, રેસનનું ઓપરેશન બંધ કરાયું છે અને ભારતીય એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ્સ હેઠળ, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ થી તેને તેની સાથે કોઈ લેવાદેવા નથી. રેસનના લિક્વિડેશન પર, કંપનીને ૪.૭ કેનેડિયન ડોલર મળશે, જે ભારતીય ચલણમાં રૂ. ૨૮.૭ કરોડ છે. આ સમાચાર સામે આવ્યા બાદ સ્ટોક એક્સચેન્જમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. શેર ૩.૧૧ ટકાના ઘટાડા સાથે અથવા રૂ. ૫૦.૭૫ના ઘટાડા સાથે રૂ. ૧૫૮ ઉપર બંધ થયો છે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના આ નિર્ણયથી કેનેડાને મોટો ઝટકો મળ્યો છે.

## બિહારમાં બજરંગબલીની રૂા. ૪૦ કરોડની મૂર્તિની ચોરી



સારણ,તા.૨૨: ભગવાનની મૂર્તિ એટલે લોકોના આસ્થાનું પ્રતિક જો મૂર્તિ સાથે કોઈપણ પ્રકારના કોઈ ચેડા કરી તો લોકો તેને મારી મારીને અધમૂઓ કરા નાખે, અને અહીંતો બજરંગબલીની આખી મૂર્તિ જ ચોરાઈ ગઈ. બિહારના છપરા જિલ્લાના ધાર્મિક નગર રેવિલગંજમાં ચોરોએ ૪૦ કરોડ રૂપિયાની કિંમતની બજરંગબલીની અષ્ટધાતુ મૂર્તિની ચોરી કરી હતી. ૪૨ કિલો વજન ધરાવતી આ મૂર્તિ ૨૫૦ વર્ષ જૂની હતી. આ ઘટના ગત મંગળવારે રાત્રે બની હતી. પરંતુ ચોરીના બે દિવસ બાદ પણ પોલીસ હજુ સુધી ચોરને શોધી નથી શકી.

આ અગાઉ ધાર્મિક શહેર રેવલગંજ વિસ્તારના ઘણા મંદિરોમાંથી મૂર્તિઓની ચોરી થઈ છે. પરંતુ મોટાભાદની તમામ ઘટનાઓમાં વહીવટીતંત્ર મૂર્તિઓ શોધવામાં નિષ્ફળ જ રહી છે. ફરી એકવાર ચોરોએ જાણે પોલીસ પ્રશાસનને પડકાર ફેંક્યો હોય તેમ ૪૦ કરોડની બજરંગબલીની મૂર્તિની ચોરી કરી લીધી છે. મૂર્તિ ચોરીના વધતા જતા બનાવોથી વિસ્તારમાં ભયનો માહોલ છે.

## ભારતમાં નિર્મિત આઈફોન-૧૫નું આજથી વેચાણ શરૂ

મુંબઈ તા.૨૨ : વિશ્વની સૌથી મોટી આઈફોન ઉત્પાદક કંપની એપલે ૨૦૧૭ થી ભારતમાં આઈફોનનું ઉત્પાદન શરૂ કર્યા બાદ હવે ૬ વર્ષે ભારતમાં બનેલાં આઈફોનનું દેશમાં વેચાણ શરૂ કર્યું છે. આઈફોન ૧૫ પ્લસ મોડલ વેચાણમાં મુકાયા છે તે ભારતમાં જ બનેલા છે. અન્ય દેશોમાં પણ નિકાસ કરવામાં આવી રહી છે. એપલે આઈફોન ૧૫ સીરીઝનાં આર મોડલ ચાલુ મહિનાનાં આરંભે લોંચ કર્યા હતા. ભારતમાં આજથી થી વેચાણમાં મુકાયા છે.

## અદાણી ગ્રુપે હવે શસ્ત્ર ઉદ્યોગમાં ઝંપલાવ્યું : કાનપુરમાં રાયફલ-પિસ્તોલનું નિર્માણ કરશે

કાનપુર,તા.૨૨

અદાણી ગ્રુપ હવે બંદુક અને પિસ્તોલ બનાવવાનાં વ્યવસાયમાં ઝંપલાવશે. અદાણી ગ્રુપ કાનપુરમાં ૧૩ પ્રકારની પિસ્તોલ અને રાયફલ બનાવશે. યુપી ડિફેન્સ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોરનાં કાનપુર સ્થિત પ્લોટ નંબર એસ-૩ ને નિર્માણ સ્થળ માટે એસ-૩નું નિર્માણ સ્થળ માટે પસંદ કરવામાં આવ્યું છે. ૨૦ એમએમ કેલિબરથી માંડીને ૧૫૫ એમએમ કેલિબર સુધીની ગન મજ કારતુસની રેન્જ તૈયાર થશે. તેમાં અદાણી ગ્રુપની કંપની કેર, બેલીસ્ટા સીસ્ટમ લીમીટેડને ઈઝરાયેલની કંપની એલ્બિટ સીસ્ટમ સહયોગ આપશે. બન્ને કંપનીઓ વચ્ચે આની સમજુતી થઈ ચુકી છે.

ટ્રુડોનું અક્કડ વલણ યથાવત :

## નિજ્જરની હત્યામાં ભારત સરકારનાં એજન્ટની ભુમીકા હોવાનો પુનરોચ્ચાર


નવી દિલ્હી તા.૨૨

કેનેડામાં ખાલીસ્તાની નેતા હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારત સરકારના 'હાથ'નો આક્ષેપ કરીને બન્ને દેશોના સંબંધોમાં જબરો તનાવ સર્જી ગયેલા કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો તેમના આ આરોપને વળગી રહ્યા છે. ટ્રુડોએ કહ્યું કે, અમો એ જયારે દેશની સંસદમાં આ માહિતી આપવાનો નિર્ણય લીધો હતો તે પુરી ગંભીરતાથી લેવાયો હતો. અમારી પાસે ભરોસાપાત્ર કારણો એ માનવા માટે હતા કે કેનેડામાં એક કેનેડીયન નાગરિકની હત્યામાં ભારત સરકારના એજન્ટની ભૂમિકા છે અને અમારા માટે તે સૌથી મહત્વનું છે. અમારી પાસે સ્વતંત્ર ન્યાયતંત્ર અને ઝડપી ન્યાયિક પ્રક્રિયા છે.

હાલ સંયુકત રાષ્ટ્રસંઘની બેઠકમાં ભાગ લેવા ન્યુયોર્ક પહોંચેલા ટ્રુડોએ એક મુલાકાતમાં કહ્યું કે, અમો સમજીએ છીએ કે ભારત એક મહત્વનો ઉભરતો દેશ છે અને અમોએ તેની સાથે સહકારભર્યા સંબંધો જાળવવા જરૂરી છે. ટ્રુડોએ કહ્યું કે, અમોએ ભારતસરકારને આ બાબત ગંભીરતાથી લેવા જોઈએ અને અમારી સાથે કામ કરવું જોઈએ. અમો પૂર્ણ પારદર્શકતા અને જવાબદારી સાથે આ કહી રહ્યા છીએ અને પુરી રીતે આ બાબતે ન્યાય થશે. આ કહી રહ્યા છે. અમો આ મુદે કેનેડીયન નાગરિકો સલામત રહે અને આંતરરાષ્ટ્રીય મુલ્યો આધારીત સીસ્ટમ માટે પ્રતિબંધ છીએ.

## હવે અનામતમાં અનામત : મોદી સરકાર વધુ એક દાવ ખેલશે

નવી દિલ્હી તા. ૨૨ : મોદી સરકાર ક્વોટાની અંદર ક્વોટા પર વિચાર કરી રહી છે. આ અનુસૂચિત જાતિ ક્વોટા પર લાગુ થશે. અંગ્રેજી અખબાર ઈન્ડીયન એક્સપ્રેસે તેના એક અહેવાલમાં કહ્યું છે કે SC શ્રેણીમાં કેટલીક જાતિઓ માટે અલગ ક્વોટા નક્કી કરી શકાય છે. સરકાર એ સુનિતિ કરવા માંગે છે કે તેના લાભો કેટલાક પ્રભાવશાળી SC સમુદાયો સુધી મર્યાદિત ન રહે. સૂત્રોના જણાવ્યા અનુસાર તેલંગાણામાં મદિગા સમુદાયની માંગ પર પણ વિચાર કરવામાં આવી શકે છે. ઓબીસીની જેમ SC અને ST માટે ક્રીમી લેયર નથી. મરાઠા, પટેલ અને જાટ જેવા જૂથો દ્વારા પણ ઓબીસી દરજ્જાની માંગ



કરવામાં આવી રહી છે. એટલા માટે આ પગલું સરકાર માટે જોખમી સાબિત થઈ શકે છે. તેલંગાણામાં SC સમુદાયની કુલ વસ્તી લગભગ ૧૭ ટકા છે. તેમાંથી, મડીગાની વસ્તી લગભગ ૫૦ ટકા છે. તે તર્ક કરે છે કે મોટા ભાગના પ્રસંગોએ માલા પ્રભાવશાળી SC સમુદાય દ્વારા કબજે કરવામાં આવે છે. તેથી તેઓએ પોતાના માટે અલગ ક્વોટાની માંગ સાથે આંદોલન શરૂ કર્યું છે. અન્ય રાજયોમાં પણ માલા જેવા ઉદાહરણો છે. બિહારમાં પાસવાનની જેમ અને યુપીમાં જાટનું એસસી સમુદાયમાં વર્ચસ્વ છે. સૂત્રોએ જણાવ્યું કે કેન્દ્ર સરકારના મહત્વના મંત્રાલયો આ મુદ્દે ચર્ચા કરી રહ્યા છે. જો સરકાર કોઈ પણ રાજય અથવા સમગ્ર દેશમાં એસસી માટે ક્વોટા બનાવવાનું નક્કી કરે છે, તો તેને બંધારણની કલમ ૩૪૧ માં સુધારો કરવાની જરૂર પડશે. સૂત્રોએ જણાવ્યું કે આ માટે કાયદાકીય વિકલ્પ પણ છે. સરકારે સુપ્રીમ કોર્ટની મોટી બેંચની રચના માટે રાહ જોવી પડશે. એક અરજીમાં કોર્ટને આમ કરવા વિનંતી કરવામાં આવી છે. સરકાર સુપ્રીમ કોર્ટના નિર્ણયની રાહ જોઈ રહી છે.

## ગુજરાતનું મેગા સીટી અમદાવાદ ડ્રગ્સની માયાજાળમાં ફસાઈ ગયું છે

અમદાવાદ તા. ૨૨

દારૂબંધી તો કાગળ પર લાગી છે પરંતુ હવે ડ્રગ્સનો પગ પેસારો ચિંતાજનક બની રહ્યો છે. કારણ કે, ગુજરાતમાં ડ્રગ્સની માયાજાળ ફેલાઈ રહી છે. આ માયાજાળનો એક છેડો વિદેશમાં તો બીજો ભારતના અન્ય રાજયો સાથે જોડાયેલો છે.

આ ડ્રગ્સનું કાળું ચકડોળ ગુજરાતના મોટા શહેરોમાં પ્રવેશીને રાજ્યની નાનામાં નાની ગલી સુધી પહોંચીને બંધ બારણે મળતું થયું છે. જોકે, કોઈ ડ્રગ્સ ડિલિવરી મેન પકડાઈ જાય તો કાયદાનું ભાન થઈ જાય છે, પરંતુ આમ એ પણ નક્કી છે કે, કઈ ગેંગ, ક્યાં રૂટથી કેટલું ડ્રગ્સ લાવશે. ગુજરાતનું મેગા સિટી એટલે કે અમદાવાદ તો ડ્રગ્સની માયાજાળમાં દિવસેને દિવસે વધુને વધુ ફસાતુ જાય છે. કારણ કે, છેલ્લા એક મહિનામાં જ અમદાવાદમાં ૨ કરોડનો ગાંજો, કોકેઈન, સિરપ અને MD ડ્રગ્સ ઝડપાયું છે.

રાજયમાંથી નશાકારક કફ સિરપ, કોકેઈન, ગાંજો, ડ્રગ્સ થોડાં દિવસેને દિવસે ઝડપાઈ રહ્યા છે. કફ સિરપનું તો ગુજરાતમાં જ ઉત્પાદન થતું હોય છે. જયારે ગાંજાની વાત કરવામાં આવે તો હવે ગાંજો માત્ર શહેરોમાં જ નહીં પરંતુ રાજ્યના કેટલાક ગામડાઓમાં પણ ફેલાય ગયો હોવાનું અનુમાન લગવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત નશેડીઓની માગ મુજબ MD ડ્રગ્સ ગુજરાત જાણે ઘર કરી ગયું હોય તે પ્રમાણે મોટા જથ્થા સાથે ઝડપાઈ છે.

## બેંક લોન લઈને લોકો વાહનો, મકાનની ખરીદી કરી રહયા હોય બચતનું પ્રમાણ ઘટયું : સરકારનો બચાવ

મુંબઈ તા.૨૨ : ભારતમાં ઘરેલુ-પારિવારીક બચતનું સ્તર પાંચ વર્ષનાં તળીયે પહોંચી ગયાના રીપોર્ટને પગલે રાજકીય પ્રત્યાઘાતો શરૂ થતાં અને સોશ્યલ મિડિયામાં મુદો ગરમાતા સરકારને પ્રતિક્રિયા આપવાની ફરજ પડી છે.

સરકારે એવો બચાવ રજુ કર્યો છે કે લોકો દેણુ કરીને ઘર તથા કાર ખરીદ કરી રહ્યા છે. રિઝર્વ બેંકનાં રીપોર્ટમાં એમ કહેવાયું છે કે ૨૦૨૨-૨૩ માં ભારતીયોની નેટ ઘરેલુ બચત જીડીપીનાં ૫.૧ ટકા થઈ છે જે છેલ્લા ૪૭ વર્ષનાં તળીયે છે. બીજી તરફ વાર્ષિક દેણુ જીડીપીનાં ૫.૮ ટકાએ પહોંચ્યુ છે.

જે ૨૦૨૧-૨૨ માં ૩.૮ ટકા હતું. આ રીપોર્ટ બાદ કોંગ્રેસનાં અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગેએ એવો ટોણો માર્યો હતો કે 'અચ્છે દિન'માં લોકોની બચત ૫૦ વર્ષનાં નીચા સ્તરે આવી ગઈ છે. સોશ્યલ મિડિયામાં પણ આ મુદો ગરમી પકડી રહ્યો છે. બચતનો મુદો સંવેદનશીલ હોવાથી સતત ચડવા લાગતા હવે નાણા મંત્રાલય દ્વારા અનેકવિધ ટીકાઓનો જવાબ આપવામાં આવ્યો છે.

નાણાં મંત્રાલયે એવો બચાવ કર્યો હતો કે લોકો નવી ફાઈનાન્સીયલ પ્રોડકટમાં રોકાણ કરતા હોવાથી બચત ઓછી થઈ છે બાકી સંકટ જેવી કોઈ સ્થિતિ નથી. મંત્રાલય દ્વારા એક્સ (ટ્વિટર) પર એમ કહેવાયું છે કે લોકોમાં ફાઈનાન્સીયલ પ્રોડકટસમાં રોકાણ કરવાનું આકર્ષણ છે અને એટલે જ બચતમાં ઘટાડો છે. લોકો વધુ ઘર અને કાર-વાહનો ખરીદી રહ્યા છે અને તેમાં કોઈ ચિંતાની વાત નથી લોકોએ અગાઉના વર્ષોની સરખામણીએ ઓછી બચત કરી કારણ કે તેઓ હવે ઘર-વાહનો ખરીદવા માટે વધુ ધિરાણ લઈ રહ્યા છે.

## સાઉદી અરેબીયાએ ખનીજ તેલનું પ્રિમિયમ ઘટાડયું : સસ્તુ ક્રુડ મળશે

નવી દિલ્હી, તા.૨૨

સાઉદી અરેબિયાએ તેના ક્રૂડ ઓઈલ પર પ્રીમિયમ પ્રતિ બેરલ $૩.૫૦ ઘટાડીને વૈશ્વિક ક્રુડ બજારમાં એક મોટું પગલું ભર્યું છે. ગત વર્ષ સુધી, સાઉદી અરેબિયા કાચા ક્રુડ પર લગભગ $૧૦ નું પ્રીમિયમ વસૂલતું હતું. આ નિર્ણયની વૈશ્વિક તેલ બજાર અને ગ્રાહકો પર અલગ-અલગ અસર પડશે. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે સાઉદીએ રશિયા પાસેથી મળતા સસ્તા ક્રૂડને ટક્કર આપવા માટે આ પગલું ભર્યું છે. એશિયન પ્રીમિયમમાં ઘટાડાને કારણે હવે ભારતને સાઉદી અરેબિયા પાસેથી પહેલા કરતા ઓછા ભાવે ક્રૂડ ઓઈલ મળશે. રશિયા અને ઈરાન પછી ભારતમાં તેલની નિકાસ કરનાર સાઉદી અરેબિયા ત્રીજો સૌથી મોટો તેલ ઉત્પાદક દેશ છે.

## ગુજરાતને ત્રીજી વંદેભારત ટ્રેન મળી : ૨૪ સપ્ટેમ્બરથી અમદાવાદ-જામનગર વચ્ચે દોડશે

અમદાવાદ તા.૨૨

ગુજરાતની ત્રીજી અને સૌરાષ્ટ્ર તરફ દોડનારી સૌપ્રથમ વંદે ભારત ટ્રેનને ૨૪ સપ્ટેમ્બરના રોજ રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ચ્યુઅલ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવશે. જામનગર-અમદાવાદ વચ્ચે દોડનારી આ વંદે ભારત ટ્રેનનું આજે અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશનથી વિરમગામ અને પરત સાબરમતી સુધી ટ્રાયલ રન કરવામાં આવ્યું હતું. ટ્રેનને ૧૧૦થી ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ચલાવવામાં આવી હતી. સૌરાષ્ટ્ર તરફના રેલવે ટ્રેક ઉપર ૧૦૦ ઉપરની સ્પીડથી ટ્રેનને દોડાવીને સંપૂર્ણપણે તપાસ કરવામાં આવી હતી. ટ્રાયલ દરમિયાન કોઈ પણ પ્રકારની ખામી કે તકલીફ જોવા મળી નહોતી. સૌરાષ્ટ્રની સૌ પ્રથમ વંદે ભારત ટ્રેન જામનગર અને અમદાવાદ વચ્ચે ૨૪મી સપ્ટેમ્બરે લોકાર્પણ બાદ દોડશે.



નવરાત્રી મહોત્સવ મનાવો ટાઉનહોલનાં ગ્રાઉન્ડમાં

● શું આપ નવરાત્રી મહોત્સવ માટે પાર્ટી પ્લોટ કે મેદાન રાખવાનું વિચારી રહયા છો ?
● શું આપ સર્વજ્ઞાતિય નવરાત્રી મહોત્સવનાં આયોજન માટે વિચારી રહયા છો ?
● શું આપ એક દિવી - બે દિવસ અથવા ૧૦ દિવસ માટે ગ્રુપમાં દાંડીયા રાસનાં આયોજનનું વિચારી રહયા છો ?

તો મુંઝાશો નહી... કારણ કે....

જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ કાળવા ચોક ખાતે આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલનું ગ્રાઉન્ડ છે જ...

આ ગ્રાઉન્ડ આધુનીક સુવિધાઓથી સજ્જ છે જેમાં લાઈટ ડેકોરેશન, નામી ઓરકેસ્ટ્રા મ્યુઝીકલ પાર્ટી, નામી કલાકારો સાથેની પણ વ્યવસ્થા છે આપને તો માત્ર નવરાત્રી મહોત્સવનું આયોજન જ કરવાનું છે બાકી સંપૂર્ણ સુવિધાથી સજ્જ છે

વહેલા તે પહેલાનાં ધોરણે

તો આપ રાહ શેની જોઈ રહયા છો ...?

બુકીંગ ચાલુ છે

સંપર્ક : મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧

જૂનાગઢ

## હરીયાણાનાં પાણીપતમાં બનેલી અત્યંત જઘન્ય ઘટના : પરીવારની સામે જ નરાધમોએ ત્રણ મહિલાઓ પર સામુહિક બળાત્કાર ગુજાર્યો

પાણીપત,તા. ૨૨ : હરિયાણાના પાણીપતમાંથી એક ખૂબ જ શરમજનક કિસ્સો બહાર આવ્યો છે. ચાર શખ્સોએ તેમના પરિવારની સામે ત્રણ મહિલાઓ પર બળાત્કાર કર્યો હતો. આ ઘટના બુધવારે બની હોવાનું કહેવાય છે. પોલીસના જણાવ્યા અનુસાર હરિયાણાના પાણીપતમાં ત્રણ મહિલાઓ પર ચાર અજાણ્યા શખ્સોએ તેમના પરિવારના સભ્યોની સામે જ કથિત રીતે બળાત્કાર ગુજાર્યો હતો. પોલીસે જણાવ્યું કે આ ઘટના બુધવારે મોડી રાત્રે બની હતી. આરોપીઓ છરી અને અન્ય ધારદાર હથિયારોથી સજ્જ હતા. રિપોર્ટ અનુસાર ચારેય લોકો પીડિતાનો પરિવાર જયાં રહેતો હતો તે ઘરમાં ઘૂસી ગયા હતા. આરોપીઓએ ત્રણ મહિલા મજૂરોના પરિવારજનો પર બળાત્કાર કરતા પહેલા તેમને દોરડાથી બાંધી દીધા હતા.

પોલીસે જણાવ્યું કે આરોપીઓએ તેમની રોકડ અને દાગીના પણ લૂંટી લીધા હતા. પોલીસે જણાવ્યું કે ગેંગરેપ સ્થળથી લગભગ એક કિલોમીટર દૂર એક બીમાર મહિલા પર પણ હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે તેનું મોત થયું હતું. તેનો પતિ ત્યાં લૂંટાયો હતો. આરોપી મોબાઈલ ફોન અને રોકડ લઈને ફરાર થઈ ગયો હતો. આ ઘટના અંગે પીડિત મહિલાઓએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, રાત્રે લગભગ ૧ વાગ્યે ચાર યુવકોએ તેમના પતિને બંધક બનાવીને રૂમમાં બંધ કરી દીધા હતા અને પછી બળાત્કાર ગુજાર્યો હતો. પીડિત મહિલાઓએ જણાવ્યું કે આ દરમિયાન તમામ આરોપીઓએ મોઢા પર રૂમાલ બાંધ્યા હતા.

પીડિત મહિલાઓના જણાવ્યા અનુસાર, આરોપીઓ લગભગ અઢી કલાક સુધી તેમની સાથે અત્યાચાર કરતા રહ્યા અને આ દરમિયાન પરિવાર બંધક બની ગયો. સવારે પાંચ વાગે પીડિત મહિલાઓએ આ અંગે ગામના લોકોને જાણ કરી, ત્યારબાદ ગામલોકો ત્યાં પહોંચ્યા અને પરિવારને રૂમમાંથી બહાર કાઢ્યા હતા.

હત્યા અને લૂંટની ઘટનામાં ત્રણ મહિલાઓ પર બળાત્કાર કરનાર એ જ લોકોની સંડોવણી હોવાની પણ પોલીસને શંકા છે. પાણીપતના મતલૌડા પોલીસ સ્ટેશનના સ્ટેશન હાઉસ ઓફિસર વિજયે જણાવ્યું કે બંને ઘટનાઓ એક જ ગામમાં બની હતી. આ બનાવમાં હજુ સુધી કોઈ ધરપકડ કરવામાં આવી નથી

## ૭ વર્ષનાં બાળકે પાંચ વર્ષની બાળકી પર બળાત્કાર કર્યો

કાનપુર,તા. ૨૨: કાનપુરમાંથી એક ખૂબ જ ડઘાવનારી ઘટના સામે આવી છે. અકબરપુર કોતવાલીમાં સાત વર્ષના બાળક પર પાંચ વર્ષની બાળકી સાથે રેપનો કેસ નોંધવામાં આવ્યો. કાર્યવાહી માટે કાયદાએ હાથ બાંધી રાખ્યા છે.

કાનપુરના અકબરપુર કોતવાલીમાં સાત વર્ષના છોકરા પર પાંચ વર્ષની બાળકીનો બળાત્કાર નોંધવામાં આવ્યો. કેસ તો નોંધાઈ ગયો પણ કાર્યવાહી માટે કાયદાઓ હાથ બાંધી રાખ્યા છે. વિશેષજ્ઞો પ્રમાણે, કાયદાકીય રીતે ૧૨ વર્ષથી નાની ઊંમરના બાળકો પર કોઈ ગુનો દાખલ તો થઈ શકે છે પણ તેમના વિરુદ્ધ કાર્યવાહી થઈ શકે નહીં. જેથી પોલીસ જવાબદાર એજન્સીઓની ગાઈડલાઈન્સ બાદ બાળકની કાઉન્સેલિંગ કરાવવાની તૈયારીમાં છે. ઘટનાની માહિતી મળ્યા બાદ પોલીસ અધિકારી પણ દંગ રહી ગયા છે. વિશેષજ્ઞો આને મોબાઈલ ફોનની દેન જણાવી રહ્યા છે.

કોતવાલી ક્ષેત્રના એક ગામમાં ૧૭ સપ્ટેમ્બરના સાંજે બાળકો રમી રહ્યા હતા. પાંચ વર્ષની બાળકીને પાડોશી દંપત્તિનો સાત વર્ષનો દીકરો પોતાની સાથે ઘરે લઈ ગયો. આરોપ છે કે તેણે બાળકી સાથે દુષ્કર્મ કર્યું. રડતા રડતા બાળકી ઘરે પહોંચી અને તેની પાસેથી માહિતી મળતા તેની માએ પાડોશીને ઠપકો આપ્યો. બાળકોના પેરેન્ટ્સ ઝગડવા માંડ્યા. આથી તેણે કોતવાલીમાં બાળક વિરુદ્ધ દુષ્કર્મનો કેસ નોંધાવી દીધો છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

WOCKHARDT HOSPITALS LiFE WiNS



કિડની અને મુત્રાશયની ઉત્તમ સારવાર વોકહાર્ટ હોસ્પિટલ્સમાં

• લેસર દ્વારા કિડની સ્ટોન (પથરી) નો નિકાલ
• દૂરબીનથી પ્રોસ્ટેટનું ઓપરેશન
• કિડની, પ્રોસ્ટેટ અને મૂત્રાશયના કેન્સરની સારવાર
• બાળકોમાં શિશ્નની ચામડીની સારવાર

પ્રધાનમંત્રી આયુષ્માન યોજનામાં કિડની અને મુત્રાશયની સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ છે.

વધુ માહિતી માટે 0281 6694244

# રૂા.૪૫ કરોડના ખર્ચે નિર્માણાધીન ઉમા વાટિકાનું ભૂમિપૂજન : કેન્દ્રીય મંત્રી રૂપાલાની વિશેષ ઉપસ્થિતી

## ઉમિયાધામ સિદસરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતીમાં સામાજીક સંમેન

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા. ૨૦

કડવા પાટીદારોનું આસ્થાનું કેન્દ્ર ઉમિયાધામ સિદસર સમગ્ર સૌરાષ્ટ્રના કડવા પાટીદાર સમાજના સામાજીક, શૈક્ષણિક, આધ્યાત્મીક અને આર્થિક વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. શ્રી ઉમિયા માતાજી મંદિર સિદસર સૌરાષ્ટ્રભરના ઉમિયા પરિવારોના ઉત્થાન માટે કટીબધ્ધ છે. આગામી ૨૦૨૪માં મા ઉમિયા પ્રાગટયના ૧૨૫ વર્ષ નિમિતે યોજાનારા સવા શતાબ્દી મહોત્સવના મંગલચરણ રૂપે આગામી તા. ૨૯, ૩૦ સપ્ટેમ્બર તથા ૧ ઓકટોમ્બરે 'બિલ્વપત્ર'ના શિર્ષક હેઠળ ત્રીદિવસીય કાર્યક્રમ યોજાશે. મુખ્યમંત્રી તથા કેન્દ્રીય મંત્રીની ઉપસ્થિતીમાં સામાજીક સંમેલન સાથે ૧૨૫ સ્થળેથી કાર રેલીનો કાફલો સિદસર પહોંચી મા ઉમિયાનો જયઘોષ કરશે. ઉમિયાધામ સિદસર ખાતે યોજાનારા ત્રિદલ કાર્યક્રમની વિગતો આપતા શ્રી ઉમિયા માતાજી મંદિર સિદસરના પ્રમુખ જેરામભાઈ વાંસજાળીયા, ચેરમેન મૌલેશભાઈ ઉકાણી, મેનેજીંગ ટ્રસ્ટી જયેશભાઇ પટેલ, ઉપપ્રમુખ ચિમનભાઈ શાપરીયા, જગદીશભાઈ કોટડીયાએ જણાવ્યું હતું કે જગતનજનની મા ઉમિયાના સિદસર ખાતેના પ્રાગટયના ૧૨૫ વર્ષ નિમિતે યોજાનારા બિલ્વત્ર કાર્યક્રમમાં તા. ૨૯ ના રોજ શુક્રવારે સવારે દર વર્ષેની માફકઆ વર્ષે પણ ભાદરવી સુદ પુનમના દિવસે ૧૧ કુંડી મહાયજ્ઞનું આયોજન કરાયું છે. ભાદરવી સુદ પૂનમે યોજાતા મહાયજ્ઞના દર્શન માટે અનેક ભાવિકો દર વર્ષે સિદસર દર્શનાર્થે આવે છે. સાથોસાથ વેણુ નદીના પૂર્વ કિનારે ૩૦ વિઘા જગ્યામાં સિદસર તીર્થધામ યાત્રા સંકુ, 'ઉમા વાટિકાવનું ભૂમિપૂજન કાર્યક્રમ મુખ્ય દાતા વિજયાબેન તથા જીવનભાઈ ગોરધનભાઈ ગોવાણી પરિવારની ઉપસ્થિતીમાં યોજાશે. તા. ૩૦ને શનિવારે સવારે ૮ થી ૧૨ કલાકે ઉમિયા પરિવાર મહિલા સંગઠન સમિતિ દ્વારા સૌરાષ્ટભરના તાલુકા તથા શહેરોની બહેનોની રાસ ગરબા સ્પર્ધા તથા બપોરે ૨: ૦૦ કલાકે મહિલા સંમેલન યોજાશે. જેમાં પ્રસીધ્ધ વકતા જય વસાવડાનું વ્યકતવ્ય યોજાશે. તા. ૧ ઓકટોમ્બરને રવિવારે સમગ્રસૌરાષ્ટ્ર-ગુજરાતમાંથી ૧૨૫ કાર રેલી (દરેક રેલીમાં ૫૧ કાર) સવારે ૧૦ થી ૧૨ વચ્ચે ઉમિયાધામ સિદસર પહોંચશે. આજ દિવસે બપોરે ઉમિયાધામ ખાતે ભવ્ય-દિવ્ય સામાજીક સંમેલન મુખ્ય મહેમાન તરીકે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, અને કેન્દ્રના કેબીનેટ મંત્રી પરસોતમભાઈ રૂપાલા અતિથિ વિશેષ તરીકે તથા પાટીદાર ભામાશા જીવનભાઈ ગોવાણી સમારંભના ઉદ્‌ઘાટક તરીકે તથા પાટીદાર સમાજના આગેવાનો, ઉમિયાધામના ટ્રસ્ટીઓ, ઉદ્યોગપતિઓની ઉપસ્થિતીમાં યોજાશે.

શ્રી ઉમિયા માતાજી મંદિર સિદસરના પ્રમુખ જેરામભાઈ વાંસજાળીયા, ચેરમેન મૌલેશભાઈ ઉકાણી, મેનેજીંગ ટ્રસ્ટી જયેશભાઈ પટેલ, ઉપપ્રમુખ ચિમનભાઈ શાપરીયા, જગદીશભાઈ કોટડીયાએ જણાવ્યુ હતુ કે ઉમિયાધામ સિદસર દ્વારા ૧૯૯૯ ના શતાબ્દી મહોત્સવ બાદ ૫૧ કરોડની, ૨૦૧૨ના રજત જયંતી મહોત્સવ વેળાએ ૧૨૫ કરોડની સમુધ્ધી યોજના થકી સમાજ વિકાસ કાર્યો કર્યા છે ત્યારે સવા શતાબ્દી મહોત્સવ વેળાએ ઉમિયાધામ સિદસરના માધ્યમથી રૂા.૫૦૦ કરોડની સમુધ્ધી યોજના અમલી બનાવી દાતાઓના સહયોગથી શૈક્ષણીક, આરોગ્ય, સામાજીક વિકાસ કાર્યોનો સંકલ્પ જાહેર કર્યો છે. આ વિકાસ કાર્યોને વેગ આપવા માટે રૂા. ૫૦૦ કરોડની સમુધ્ધી યોજના-૩ અંર્તગત 'ઉમારત્નવ વિશેષ યોગદાન યોજના અમલી બનાવાય છે. જેમાં ૩.૫૧ લાખનું યોગદાન આપનાર ઉમારત્ન દાતાને ૨૫ વર્ષ સુધી વિમા કવચ બાદ ૨૫ વર્ષ બાદ રૂા.૫ લાખ પરત મળશે. ઉમારત્ન યોજના અંર્તગત મળે, અનુદાન વર્ષ ૨૦૩૧ સુધીનું તથા સમુધ્ધી યોજના-૩ ના તમામ પ્રોજેકટ માટે સંયુકત યોગદાન ગણાશે, યોગદાનની રકમ એકી સાથે અથવા ૨ કે ૩ વર્ષે હપ્તામાં આપી શકાશે, ઉમારત્ન દાતાનું નામ મંદિરની વેબસાઈટ ઉપર વર્ષ ૨૦૩૧ સુધી તથા દાતાના જન્મદિવસે તમામ પ્રોજેકટની સ્ક્રીન ઉપર પ્રસીધ્ધ કરવામાં આવશે. 'ઉમારત્ન' દાતાને એવોર્ડ અને સામાનપત્રથી સન્માનીત કરવામાં આવશે તેમજ તેમનું નામ ઉમિયાધામ સિદસરના સામા કાંઠા પ્રોજેકટમાં અંકિત કરવામાં આવશે. સાથો સાથ સમાજનો છેવાડાનો માનવી ઉમિયાધામની ઉત્કર્ષની પ્રવૃતિમાં સહભાગી બને તેવા હેતુસર પ્રતિ વ્યકિત, પ્રતિ દિન એક રૂપીયાના સહયોગ આપી મા ઉમા કળશ યોજનામાં જોડાયને સમાજ વિકાસ કાર્યોમાં સહ હિસ્સેદાર બને તેવી જોગવાઈ પણ આ યોજનામાં કરાય છે.



## ૨૦૨૪ના સવા શતાબ્દી મહોત્સવના મંગલચરણ સાથે 'ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ'

# અમદાવાદ, બરોડા, સુરત તથા સોરાષ્ટ્રના ૧૧ જીલ્લામાંથી ૧૨૫ સ્થળેથી ૬૨૦૦ કાર રેલી સ્વરૂપે સિદસર આવશે


## ૫૧ કારની એક રેલી એવી ૧૨૫ રેલી 'મા ઉમિયાના જયઘોષ સાથે નીકળશે

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ, તા. ૨૨

આગામી વર્ષ ડીસેમ્બર-૨૦૨૪માં જામજોધપુર તાલુકાના સિદસર ખાતે ઉમિયા માતાજી પ્રાગટયના ૧૨૫ વર્ષ નીમીતે યોજાનારા 'સવા શતાબ્દી મહોત્સવ'ના મંગલાચરણ નિમિતે ૧૨૫ કાર રેલી યોજી ૬૨૦૦થી વધુ કારમાં પાટીદારો ઉમિયાધામ સિદસર પહોંચી 'સામાજીક સંમેલન'માં હાજરી આપશે.

તા.૨૯ સપ્ટેમ્બર થી ૧ ઓકટોમ્બર દરમ્યાન ઉમિયાધામ સિદસર ખાતે યોજાનારા ત્રિદલ કાર્યક્રમની વિગતો આપતા શ્રી ઉમિયા માતાજી મંદિર સિદસરના પ્રમુખ જેરામભાઈ વાંસજાળીયા, ચેરમેન મૌલેશભાઈ ઉકાણી, મેનેજીંગ ટ્રસ્ટી જયેશભાઈ પટેલ, ઉપપ્રમુખ ચિમનભાઈ શાપરીયા, જગદીશભાઈ કોટડીયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા કેન્દ્રીયમંત્રી પરસોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતીમાં યોજાનારા સામાજીક સંમેલનો તથા અન્ય કાર્યક્રમોમ ભાગલેવા માટે ગુજરાતભરમાંથી ૧૨૫ કાર રેલી ઉમિયાધામ સિદસર આવશે. ૫૧ કારની એક રેલી એવી ૧૨૫ કાર રેલીમાં હજારો ભાવિકો મા ઉમિયાના દર્શન માટે આવશે. ૧૨૫ કાર રેલીમાં જામનગર જીલ્લામાંથી ૧૫ જેમાં જામજોધપુરમાંથી ૩, લાલપુરથી ૧, જામનગર શહેરમાંથી ૫ ગ્રામ્યમાંથી ૧, ધો, કા,ાવડ થી ૩, જોડીયાથી ૨ કાર રેલી, રાજકોટ જીલ્લામાંથી કુ, ૪૦ કાર રે,ી જેમાં રાજકોટ શહેરમાંથી ૨૫, રાજકોટ તાલુકાલોધીકા કોટડાસાંગાણીમાંથી ૧, ગોંડલથી ૩, જેતપુરથી ૧, ઉપલેટાથી ૪, ધોરાજીથી ૨, જામકંડોરણાથી ૧, વીંછીયાથી ૧, જસદણથી ૧, પડધરીથી ૧ કાર રેલી જોડશે. મોરબી જીલ્લામાંથી કુલ ૩૦ કાર રેલી જેમાં મોરબી શહેરમાંથી ૧૫, મોરબી ગ્રામ્યમાંથી ૭, ટંકારામાંથી ૩, વાંકાનેરમાંથી ૧, હળવદમાંથી ૩, માળીયાથી ૧ કાર રેલી યોજાશે. દેવભૂમી દ્વારકા જીલ્લામાંથી કુલ ૩ જેમાં ભાણવડથી ૨ મીઠાપુર ઓખા, દ્વારકા, કલ્યાણપુર, ખંભાળીયા વિસ્તારમાંથી ૧, પોરબંદર જીલ્લામાંથી કુલ ૨ જેમાં પોરબંદર રાણાવાવમાંથી ૧, કુતિયાણામાંથી ૧ કાર રેલી યોજાશે. ભાવનગર જીલ્લામાંથી ૧, બોટાદ જીલ્લામાંથી ૨ કાર રેલી યોજાશે, જૂનાગઢ જીલ્લામાંથી કુલ ૧૬ જેમાં જૂનાગઢ શહેરમાંથી ૫, જૂનાગઢ ગ્રામ્યમાંથી ૧, વંથલીથી ૨, કેશોદથી ૨, માણાવદરથી ૩, માળીયાથી ૨, માંગરોળ વિસાવદર, ભેંસાણ મેંદરડાથી ૧ કાર રેલી યોજાશે, ગીર સોમનાથ જીલ્લામાંથી કુલ, ૩ રેલી જેમાં તાલાલાથી ૨, ઉના-વેરાવળ, સુત્રાપાડા, કોડીનાર, ગીર સોમનાથથી ૧ કાર રેલી યોજાશે, અમરેલી જીલ્લામાંથી કુલ ૭ જેમાં અમરેલીથી ૨, બાબરાથી ૨, લાઠીથી ૨, લીલીયા કુકાવાવથી ૧ રેલી યોજાશે. સુરેન્દ્રનગર જીલ્લામાંથી કુલ ૧૦ જેમાં સુરેન્દ્રનગર વઢવાણથી ૩, ધ્રાગધ્રાથી ૩, પાટડી વિરમગામાથી ૧, લખતરથી ૧, લીંબડી ચુડાથી ૧, મુળી થાનગઢ, થી ૧ કાર રેલી યોજાશે. આ ઉપરાંત સમગ્ર ગુજરાત માંથી અમદાવાદ માંથી ૪, ગાંધીનગરથી ૧, વડોદરા-આંણંદથી ૨, ભરૂચ અંકલેશ્વરથી ૧, સુરતથી ૩, કામરેજ નવસારીથી ૧, ચિખલી બિલીમોરાથી ૧, વલસાડ વાપીથી ૧ કાર રેલી યોજાશે. અનેક સ્થળેથી કાર રેલી ઉમિયાધામ સિદસર આવશે. ૬૨૦૦થી વધુ કારની ૧૨૫ રેલીઓના પ્રસ્થાન જે તે સ્થળના સામાજીક આગેવાનો દ્વારા થશે. જે-તે સ્થળથી ઉમિયાધામ સિદસર પહોચતા સુધીના તમામ રૂટો આવતા પાટીદાર સમાજના ગામોમાં કાર રેલીનું ડી.જે, બેન્ડ, ડોલ, નગારા સાથે સ્વાગત કરવામાં આવશે. ઉમિયાધામ સિદસરના આગેવાનોએ વધુમાં જણાવ્યું છે કે, એક સાથે ૧૨૫થી વધુ સ્થળેથી કાર રેલી યોજાતી હોય અને એક સ્થળે પહોંચવાની હોય તેવા આ પ્રસંગની 'ગોલ્ડન બુક ઓફ રેકોર્ડમાં નોંધણી થશે. રેલીમાં જોડાનાર કાર સાથે ૧ થી ૫૧ નંબરના સ્ટીકર દરેક કારમાં ઝંડી તથા દરેક કાર રેલી સાથે ઈન્ચાર્જ, પાયલોટીંગ કાર, વિડીયો, ડી.જે. સહીતની વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

# જૂનાગઢ જીલ્લામાં સ્વચ્છતા હી સેવા ઝુંબેશ અંતર્ગત એક માસ સુધી ગામોમાં સ્વચ્છતાના વિવિધ કાર્યક્રમો યોજાશે




જૂનાગઢ,તા.૨૧

જૂનાગઢ જિલ્લામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના અંતર્ગત સ્વચ્છતા હી એવા ૨૦૨૩ દેશવ્યાપી સ્વચ્છતા ઝુંબેશનો તા.૧૫ સપ્ટેમ્બરથી શુભારંભ કરવામાં આવ્યો છે.જે તા.૧૫ ઓક્ટોબર સુધી એક મહિના દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજીને આ ઝુંબેશની ઉજવણી કરવામાં આવશે.

આ કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતા લક્ષી વિવિધ આઈએસ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી રહી છે. જેમાં વિવિધ ગામોમાં સ્વચ્છતા અંગે શેરી નાટકો, સ્વચ્છતાના વોલ પેઈન્ટિંગ, તમામ શાળાઓ અને કોલેજોમાં સ્વચ્છતાહી સેવાની થીમ, ગાર્બેજ ફ્રી ઈન્ડિયા વિષય પર વિવિધ સ્પર્ધાઓ, શાળાના બાળકોને ગ્રામજનો દ્વારા સ્વચ્છતા રેલી, સ્વૈચ્છિક શ્રમદાનથી જાહેર જગ્યાઓની સફાઈ તેમજ સરકારી કચેરીઓ આવાસોનું અને સમારકામ અને રંગરોગાન અંગેની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોના પંટાગણમાંમાં બહોળી સંખ્યામાં લોકો નિહાળી શકે તેવા હોર્ડિંગ્સ બેનરો લગાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ગામડાઓમાં પ્લાસ્ટિક કચરાનો વૈજ્ઞાનિક ઢબે યોગ્ય રીતે નિકાલ થાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. તેમજ સફાઈ કામદારોના આરોગ્યને ધ્યાનમાં લઈ હેલ્થ ચેકઅપ પણ યોજવામાં આવ્યા છે. આમ આવનાર એક માસ સુધી ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા રાત્રી દરબાર, જાહેર સ્થળોએ સિંગલ યુઝ પ્લાસ્ટિક અંગેજન જાગૃતિ હાથ ધરવામાં આવશે.

# વિશ્વ હિન્દુ પરીષદ બજરંગ દળ દ્વારા

# બોડીદર ગામેથી ઐતિહાસિક શૌર્ય યાત્રા યોજાશે

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૨

વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ દ્વારા આયોજિત ઐતિહાસિક શોર્ય યાત્રાનું આયોજન ભારતભરમાં થઈ રહ્યું છે ત્યારે ગીર સોમનાથ જીલ્લા દ્વારા બોડીદર ગામના દેવાયત બોદરજી મંદિરેથી તારીખ ૨૩/૯ /૨૦૨૩ શનિવારના રોજ સવારે ૯:૦૦ વાગે સંતો મહંતો, આગેવાનો, અધિકારીઓ દ્વારા આ વિરાટ શૌર્ય યાત્રાનું પ્રસ્થાન થશે. આ ભવ્ય શોર્ય યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય જેમ આપણા ગીતા ઉપનિષદની અંદર જેમ ગીતા ઉપદેશનું જે મહત્વ છે જે ગીતા ઉપદેશનું જે શોર્ય છે જે એમની શક્તિ છે, ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા જે ગીતા ઉપદેશનો મહિમા બતાવવામાં આવ્યો છે તેવી જ રીતે આપણા બજરંગ દળના બજરંગીઓ દ્વારા જે જે શોર્ય કાર્યો કરવામાં આવેલા છે તેમને વર્ણવતીઆ વિરાટ શૌર્ય યાત્રા આપણા છેવાડાના ગામે ગામ સુધી પહોંચવાની હોય ત્યારે જે ગામમાંથી આ વિરાટ અને ભવ્ય શોભાયાત્રા પસાર થાય ત્યારે ગામના લોકો પૂરા ઉત્સાહથી આ શોભાયાત્રાનું સ્વાગત કરવા થનગની રહ્યા છે ત્યારે વિરાટ હિન્દુયુવા શક્તિનો એકપરિચય આ શોર્યયાત્રા દરમ્યાન લોકોને મળતો રહેશે. વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ દ્વારા ભારતભરના દેશના ૬૫ લાખ લોકોને ધર્માંતરણ કરતા અટકાવી ૮.૫૦ લાખ લોકોને સ્વધર્મમાં પરત લાવવાનું કાર્ય અને આવા અનેક હિન્દુ હિતના કાર્યો વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા કરવામાં આવ્યા. સંતો મહંતો અને સનાતનની પરંપરા પ્રમાણે ચાલતી માત્ર એક વિશ્વ હિન્દુ પરિષદ સરકાર સાથે હિન્દુ મંદિરોનું નિર્માણ, ભવ્ય શ્રી રામ મંદિરનું નિર્માણ, હિન્દુ વિરોધી તાકાતોને અંકુશમાં રાખવા માટે વિશ્વ હિન્દુ પરિષદ હંમેશા કામ કરતી રહી છે. આવા શોર્ય કાર્યોને લોકો સુધી પહોંચાડવા માટે અને દરેક યુવાનોને બજરંગ દળમાં જોડાવા માટે જહાં જહાં હિન્દુ વહાં વહાં પરિષદ, જયકર વીર બજરંગી હર હર મહાદેવના દિવ્ય નારા સાથે ભારત દેશના તમામ ગામો સુધી પહોંચવાની હોય ત્યારે આપ સૌ પોતપોતાના ગામમાં જ્યારે આ શૌર્ય યાત્રા રથનું આગમન થતું હોય ત્યારે ખૂબ મોટી સંખ્યામાં આ દિવ્ય શોર્ય યાત્રાનું સ્વાગત થાય તેવી હાર્દિક ભાવના સાથે આ દિવ્ય શૌર્ય યાત્રા ગીરગઢડા તાલુકાના બોડીદર ગામમાં દેવાયત બોદરજીના મંદિરેથી પ્રસ્થાન કરી ગીરગઢડા તાલુકાના મુખ્ય માર્ગો ઉપર ફરી ઉના તાલુકાના ગામડાઓ ફરી તા.૨૪/૯/ ૨૦૨૩ રવિવારના રોજ કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં ફરી, કોડીનાર તાલુકો, સુત્રાપાડા તાલુકો, તા.૨૫/૯/૨૦૨૩ સોમવારના રોજ તાલાળા તાલુકો, ત્યારબાદ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ મુકામે પહોંચશે. ત્યારબાદ આ શૌર્ય યાત્રા જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં પૂર્ણ થશે. દરેક લોકો આ યાત્રામાં જોડાઈ એવી વિશ્વ હિન્દુ પરિષદના દરેક કાર્યકર્તાઓનું હાર્દિક ભાવભર્યુ આમંત્રણ છે. આ દિવ્યશોર્ય યાત્રા સફળ બનાવવા માટે ગીર સોમનાથના વાલી અને પ્રાંતના અધિકારી હિરેનભાઈ રૂપારેલીયા, ગીર સોમનાથ જિલ્લાના વિભાગ અધ્યક્ષ ભુપેન્દ્રભાઈ વિઠલાણી, કાર્યકારી જિલ્લા અધ્યક્ષ રામજીભાઈ પરમાર, જિલ્લા મંત્રી નીપુલભાઈ શાહ, વિભાગના સંયોજક સંદીપભાઈ ઠેસિયા, વિભાગના સહસંયોજક પાર્થભાઈ રૂપારેલ, ઉના તાલુકાના અધ્યક્ષ યશવંતભાઈ બાંભણિયા તેમજ દરેક પ્રખંડના અધ્યક્ષો અનેકાર્યકર્તા ભાઈઓ આ ભગીરથ કાર્યમાં જોડાઈને આ શૌર્ય યાત્રાને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહેલ છે.

# ડો.સુભાષ યુનિવર્સિટી દ્વારા એન.એમ.આર. સ્પેક્ટ્રોસ્કોપી એન્ડ ડેટા ઈન્ટરપ્રિટેશન વિષય ઉપર એક દિવસીય વર્કશોપ યોજાયો



જૂનાગઢ, તા.૨૨

ડો.સુભાષ યુનિવર્સિટી દ્વારા એન.એમ.આર. સ્પેક્ટ્રોસ્કોપી એન્ડ ડેટા ઈન્ટરપ્રિટેશન વિષય ઉપર એક દિવસીય વર્કશોપ યોજવામાં આવ્યોહતો. તા. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૩, શનિવારના રોજ સ્કૂલ ઓફ સાયન્સ દ્વારા એન.એમ.આર.સ્પેક્ટ્રોસ્કોપી એન્ડ ડેટા ઈન્ટરપ્રિટેશન વિષય ઉપર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એક દિવસીય વર્કશોપમાં વિવિધ કોલેજોના શિક્ષણવિદો, સંશોધકો, અનુસ્નાતક અને સ્નાતક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંશોધન ક્ષેત્રમા એન.એમ.આર. સ્પેક્ટ્રોસ્કોપી દ્વારા ગહન અધ્યયન અને તેનું અર્થઘટન આપવાના ઉદ્દેશથી આવર્કશોપનું આયોજન કરાયું હતું. આ મોકા ઉપર નિષ્ણાંત ડો.અનિલ પટેલે વિદ્યાર્થીઓને સમસ્યાનું નિરાકરણ અભિગમમાં પ્રોટોન એન.એમ.આર. અને ૧૩સી એન.એમ.આર. સ્પેક્ટ્રોસ્કોપીનો ઉપયોગ શિખવ્યો. ડો.અનિલ પટેલે એન.એમ.આર. સ્પેક્ટ્રોસ્કોપીના વ્યવહારૂ ઉદાહરણો આપ્યા હતા. તેમણે ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં એનએમઆર સ્પેક્ટ્રોસ્કોપીના ઉપયોગ અંગેની માહિતી પણ આપી હતી. સવારે ૯ કલાકે આરંભ થયેલ આ વર્કશોપ કુલ ૨ સત્રમાં યોજાયો. પ્રથમ સત્રમાં એક્સપર્ટ ડો.અનિલ પટેલ દ્વારા પ્રોટોન **NMR** અને ૧૩સી **NMR** વિષયની મૂળભૂત માહિતી આપી હતી. બિજાસત્રમાં એન.એમ.આર. સ્પેક્ટ્રોસ્કોપીને વધુ ઉંડાઈથી સમજવ્યું અને વ્યાવહારૂ ઉપયોગમાં કઈ રીતે લઈ શકાય તેના ઉપર માહિતી અપાઈ હતી. માહિતી અને જ્ઞાનના યુગમાં આ પ્રકારના વર્કશોપ રસાયણશાસ્ત્ર અને ફાર્મસી ક્ષેત્રે સંશોધનને વેગ આપશે. વર્કશોપને સફળ બનાવવા માટે રસાયણશાસ્ત્ર ભવનના હેડ, પ્રો.નીરજ પાઘડારે ખૂબ જ જહેમત ઉઠાવી હતી. સ્કૂલ ઓફ સાયન્સની આ વર્કશોપની કામગીરીને યુનિવર્સિટીના પ્રમુખ રાજભાઈ ચાવડા, પ્રો વોસ્ટ ડો.દીપક પટેલ તેમજ સ્કૂલ ઓફ સાયન્સના ડીન ડો. દર્શન જાનીએ બિરદાવી હતી.

# જૂનાગઢમાં સરકાર માન્ય બ્યુટી પાર્લર વર્ગ શરૂ કરવામાં આવશે

જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી. અને શક્તિ એજ્યુકેશન ચેરીટી એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે બહેનો માટે સંપૂર્ણ સરકાર માન્ય બ્યુટીપાર્લરના વર્ગ શરૂ કરવામાં આવી રહ્યા છે. કોર્ષ ફી રૂા.૫૫૫૦ જેમાં પાર્લર ઉપયોગી ૪૨ વસ્તુની એક કીટ ફ્રીમાં આપવામાં આવશે. આ કીટની વસ્તુનો ઉપયોગ પાર્લરના કોર્ષ દરમ્યાન કરવાનો રહેશે. ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૫ ડીસેમ્બર છે. ૧૦ બહેનો લેવાના છે જે વહેલા તે પહેલાના ધોરણે લેવામાં આવશે. આ કોર્ષ બે મહિના ચલાવવામાં આવશે અને ૧ લી ઓક્ટોબરથી ક્લાસ શરૂ કરવામાં આવશે તો રસ ધરાવતા બહેનોએ સંસ્થાના પ્રમુખ રસીલાબેન સોઢા મો.નં. ૯૮૨૫૧ ૦૫૫૪૫, સાધના નિર્મળ મો.નં. ૯૪૨૮૩ ૭૮૪૪૪, રૂપલ લખલાણી મો.નં. ૯૪૨૭૫ ૦૨૦૨૦નો સંપર્ક કરવા જણાવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# સૂર્યનાં રહસ્યો હવે થશે ઉજાગર

સૂર્ય આપણા સૌરમંડળનો તારો છે અને બ્રહ્માંડની તમામ બ્રહ્માંડીય ગતિવિધિઓનું કેન્દ્ર પણ. યુગો યુગોથી લોકો તેના દૈદીપ્યમાન સ્વરૂપને લઈને ચકિત થતા રહે છે. સૂર્યની કહાની ખગોળીય મહાકાવ્યની એક લૌકિક કહાની છે. લગભગ ૪.૬ અબજ વર્ષ પહેલાં ગેસ અને ધૂળનું એક વિશાળ વાદળ હતું. તેમાં ધાતુઓનો ખજાનો હતો. આ વાદળે પોતાના ગુરુત્વાકર્ષણની અપ્રતિરોધ્ય શક્તિ આગળ ઝૂકવાનું શરૂ કર્યું. સૂર્યનું નિર્માણ આ ગુરુત્વાકર્ષણથી શરૂ થયેલ ઘટનાઓની શૃંખલાના પરિણામે જ થયું. તાપમાન વધતાં પરમાણુ સંલયન પ્રજ્વલિત થયું અને આ વાદળનું કેન્દ્ર સંકોચાયું. આગના વિસ્ફોટમાં સૂર્યનો જન્મ થયો. સૂર્ય એક બ્રહ્માંડીય ભઠ્ઠી સ્વરૂપે છે, જે મુખ્યત્વે હાઈડ્રોજન અને હીલિયમથી બનેલો છે. આપણું સૌરમંડળ પોતાના શક્તિશાળી ગુરુત્વાકર્ષણ ખેંચાણથી બંધાયેલું છે, જે ચંદ્ર અને તેની ચારે તરફ ચક્કર લગાવનાર અગણિત ખગોળિય પિંડોની કક્ષાઓ અને ગતિને નિયંત્રિત કરે છે.

સૂર્ય માત્ર આગનો એક સાધારણ ગોળો નથી. તે કેટલાંય સ્તરો અને એક ગતિશીલ વાતાવરણવાળી એક જટિલ એકમ છે. તેના મૂળમાં તાપમાન ૧૫ મિલિયન ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જાય છે, જ્યાં પરમાણુ સંલયન પ્રતિક્રિયાઓ હાઈડ્રોજનને હીલિયમમાં પરિવર્તિત કરી દે છે. આ પ્રક્રિયામાં ભારે માત્રામાં ઊર્જા નીકળે છે. આ ઊર્જા પ્રકાશ અને ગરમી રૂપે બહાર તરફ વિકિરણ કરે છે, જેનાથી પૃથ્વી પર જીવન સંભવ બન્યું. પ્રકાશમંડળથી પર સૂર્યનું વાતાવરણ તેનું સૌથી બાહ્ય સ્તર કોરોના સુધી ફેલાયેલું છે, જ્યાં તાપમાન લાખો ડિગ્રી સેલ્સિયસ સુધી વધી જાય છે.

સૌરમંડળના રહસ્યોમાંથી એક સૂર્યના કેન્દ્રમાં છૂપાયેલું છે. તેની સંરચનાનાં રહસ્યો જાણવાથી તેની સમજ બની શકે છે કે તારા કેવી રીતે બને છે અને વિકસિત થાય છે? સૌથી મહત્ત્વપૂર્ણ રહસ્યોમાંથી એક સૂર્યની સૌર હવા છે, જે આવેશિત કણોની એક નિરંતર ધારા છે અને જે અંતરિક્ષમાં બહાર તરફ વહે છે. તેની ઉત્પત્તિ અને ગતિશીલતાને સમજવી મહત્ત્વપૂર્ણ છે, કારણકે તે આપણા ટેકનિકલ બુનિયાદી માળખાને પ્રભાવિત કરે છે, ખાસ કરીને ઉપગ્રહ સંચાર અને પાવર ગ્રિડ ક્ષેત્રમાં.

સૂર્ય અન્ય અનેક કોયડાનું કેન્દ્ર છે. તેને ઉકેલવાથી પૃથ્વી પર સૌર તોફાનોના પ્રભાવોની ભવિષ્યવાણી કરવા અને તેના પ્રભાવોથી બચવાની આપણી ક્ષમતા વધી શકે છે. વિજ્ઞાનીઓએ એ પણ તપાસ કરવાની છે કે કોરોનાનું તાપમાન સૂર્યની સપાટી કરતાં વધારે કેમ છે? તેનું રહસ્ય વિજ્ઞાનીઓને ભ્રમિત કરે છે. તે રહસ્ય ઉકલવાથી સૂર્યના ચુંબકીય ક્ષેત્ર અને કોરોનાને ગરમ કરવામાં તેની ભૂમિકા વિશે જાણકારી મળી શકે છે. સૌર કંપનના અધ્યયનમાં તમામ પ્રગતિ છતાં સૂર્યના આંતરિક ભાગ વિશે ઘણું બધું અજ્ઞાત છે. સૂર્યના ચુંબકીય ક્ષેત્રને પણ સમજવાની જરૂર છે. આવનાર સમયમાં સૌર અવલોકન ટેક્નોલોજીમાં પ્રગતિ થશે. આ જ પ્રગતિનું સૂચક છે ભારતીય અંતરિક્ષ સંશોધન સંગઠન એટલે કે ઈસરો દ્વારા પ્રક્ષેપિત આદિત્ય એલ-૧. આદિત્ય યાનને એલ-૧ એટલે કે લેંગ્રેજ બિંદુની આસપાસ ઓર્બિટમાં સ્થાપિત કરવામાં આવશે, જે પૃથ્વીથી લગભગ ૧૫ લાખ કિલોમીટર દૂર છે. આદિત્ય એલ-૧ સૂર્યના તપતા વાતાવરણના સીધા સંપર્કમાં આવ્યા વિના મહત્ત્વપૂર્ણ ડેટા એકત્ર કરવાનું કામ કરશે.

## આપની આવતીકાલ કેવી જશો...?

**:: રત્નકણીકા ::**

પૃથ્વી કે આ સંસાર સત્યના બળ ઉપર જ ટકી રહ્યા છે.

- ચાણક્ય

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા સુદ-૭ જયેષ્ઠા ગૌરી પૂજન, મહાલક્ષ્મી વ્રતારંભ તા.૨૨ સપ્ટેમ્બર ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૬, જયેષ્ઠા નક્ષત્ર, આયુષ્માન યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૪૧, સૂ.અ.૬:૪૭

આજનો દિવસ અશુભ છે.


આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય), બપોરે ૩:૩૫ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યર્થ ચિંતા રહે. નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે.
વૃષભ: વ્યર્થ વાદ-વિવાદ ન કરવો હિતાવહ. કાર્યમાં વિલંબથી સફળતા મળે.
મિથુન: આવક વૃધ્ધિ થાય. કાનુની બાબતે લાભ મળે.
કર્ક: મહત્વના નિર્ણય લઈ શકશો. દિવસ આનંદભર્યો પસાર થાય.
સિંહ: મિલન-મુલાકાતમાં સફળતા મળે. વ્યાપાર-ઉદ્યોગ બાબતે ચિંતા રહે.
કન્યા: કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. સંતાનોથી સહકાર મળે.
તુલા: આર્થિક વ્યવહારોમાં સંભાળવું. સ્નેહિજનોથી સંતોષ રહે.
વૃશ્ચિક: માંગલિક પ્રસંગોનું આયોજન થાય. પરિવારજનોમાં યશ, વૃધ્ધિ રહે.
ધન: નવા આયોજનો ન કરવા હિતાવહ.
મકર: નાણાંની લેવડ-દેવડના કાર્યોમાં સફળતા મળે. આરોગ્ય બાબતે સાંભળવું.
કુંભ: આકસ્મીક ધન વ્યયના યોગ છે. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મીન: આર્થિક મૂંઝવણમાંથી માર્ગ મળે. નવિન કાર્યમાં સફળતા મળે.

## ISRO દુનિયાને બતાવશે તાકાત, કેપ્સ્યુલમાં ૩ સભ્યો અંતરીક્ષની મુસાફરી કરી પરત ફરશે

# ભારત વિશ્વને ફરી પોતાની તાકાત બતાવશે, ગગનયાનથી થશે અંતરીક્ષ મુસાફરી



(જી.એન.એસ) નવીદિલ્હી,તા.૨૨

ચંદ્રયાન-૩ના ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ અને આદિત્ય L1ના પૃથ્વી પરથી પ્રસ્થાન પછી ISROનું ધ્યાન હવે ગગનયાન (Mission Gaganyan) છે, જે મહત્વાકાંક્ષી મિશન છે જે પ્રથમ વખત ભારતીય અવકાશ યાત્રીને અવકાશમાં મોકલશે. મિશનનો ફુલ પ્રૂફ ફાઈનલપ્લાન તૈયાર કરવામાં આવ્યો છે અને તેનું અંતિમ પરીક્ષણ ઓક્ટોબરમાં કરવામાં આવશે, જેમાં અવકાશ યાત્રીઓના સુરક્ષિત પરત ફરવાના મોડ્યુલની તપાસ કરવામાં આવશે. આમાં એ નક્કી કરવામાં આવશે કે અવકાશમાંથી અવકાશ યાત્રીઓને લાવનાર કેપ્સ્યુલ દરિયામાં ક્યાં પડી જશે અને તેમને કેવી રીતે બચાવી લેવામાં આવશે. ગગનયાન મિશનની સફળતા સાથે ભારત અવકાશ યાત્રીઓને અવકાશમાં મોકલનાર વિશ્વનો ચોથો દેશ બની જશે. અત્યાર સુધી માત્ર અમેરિકા, રશિયા અને ચીન જ પોતાના દમ પર આ સિદ્ધિ મેળવી શક્યા છે, અન્ય દેશોના અવકાશયાત્રીઓ આ દેશોની સ્પેસ એજન્સીઓના બળ પર ત્યાં પહોંચ્યા છે. ઓક્ટોબરમાં અંતિમ પરીક્ષણ પછી ISRO મિશનની પ્રક્ષેપણ તારીખ પર કામ કરશે. હાલમાં કોઈ તારીખ નક્કી કરવામાં આવી નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે ભારતીય અવકાશ યાત્રીઓ ૨૦૨૪ની શરૂઆતમાં આકાશમાં જઈ શકે છે. મિશન કેટલા દિવસ ચાલશે?... જે વિષે જણાવીએ, ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ASRO) આવતા મહિનાની શરૂઆતમાં મિશનના અંતિમ પરીક્ષણો હાથ ધરશે. આ માટે ઈસરોએ એકસ્પેસ કેપ્સ્યુલ વિકસાવી છે જેમાં ત્રણ સભ્યોના ક્રૂ રહી શકે છે. અવકાશયાત્રીઓની આ ટીમને ત્રણ દિવસ માટે પૃથ્વીથી ૪૦૦ કિલોમીટર દૂર સ્થિત LEO ભ્રમણ કક્ષામાં મોકલવામાં આવશે. તેઓ ત્રણ દિવસ સુધી અવકાશમાં રહેશે. આ પછી આ કેપ્સ્યુલ પાછી લાવવામાં આવશે. ભારતીય અવકાશયાત્રીઓને HLVM 3 રોકેટ દ્વારા અવકાશમાં મોકલવામાં આવશે. આ માટે ISRO તેના ભારે રોકેટ LVM-3માં ફેરફાર કરી રહ્યું છે, જેથી તે રોકેટ ક્રૂને અવકાશમાં લઈ જતી કેપ્સ્યુલને સુરક્ષિત રીતે લઈ જઈ શકે. શ્રી હરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરના ડાયરેક્ટર એ રાજરાજને એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે આ રોકેટમાં એચ એટલે માનવ રેટેડ. ક્રૂ કેપ્સ્યુલ HLVM રોકેટ પર લગાવવામાં આવશે. તે ક્રૂ કેપ્સ્યુલને પૃથ્વીની ભ્રમણ કક્ષામાં લઈ જશે. આ પછી, અવકાશયાત્રીઓ ત્રણ દિવસ સુધી પૃથ્વીની ભ્રમણકક્ષામાં પરિભ્રમણ કરશે. આ પછી તેમને પૃથ્વી પર પાછા લાવવામાં આવશે. ગગનયાન મિશન માટે ISRO જે પરીક્ષણો કરી રહ્યું છે તેનું મુખ્ય ધ્યાન અવકાશ યાત્રીઓની સુરક્ષિત પરત ફરવા પર છે. વાસ્તવમાં, પૃથ્વી તરફ પાછા ફર્યા પછી, ક્રૂ કેપ્સ્યુલ રોકેટથી અલગ થઈ જશે. આ પછી તેને લાવવાની જવાબદારી તેમાં લગાવવામાં આવેલા L-40 એન્જિન દ્વારા ભજવવામાં આવશે. કેપ્સ્યુલ પેરાશૂટથી પણ સજ્જ હશે, જે પૃથ્વીથી થોડાક કિલોમીટરના અંતરે પહોંચતા પહેલા આપોઆપ ખુલી જશે. ઈસરોએ જે રીતે મિશનનું આયોજન કર્યું છે તે મુજબ આ કેપ્સ્યુલ હિંદ મહાસાગરમાં પડશે. ભારતીય નૌકાદળની ઘણી ટીમો અહીં પહેલેથી જ તૈયાર હશે. નૌકાદળનું કામ કેપ્સ્યુલ સમુદ્રમાં પડતાની સાથે જ અવકાશયાત્રીઓને બચાવવાનું રહેશે. જો રોકેટ નિષ્ફળ જશે તો શું થશે?... જે વિષે જણાવીએ, ગગનયાન મિશન કરતા અવકાશ યાત્રીઓની સુરક્ષા પર ઈસરોનું ધ્યાન વધુ છે, ઈસરોના વૈજ્ઞાનિકો અવકાશમાં થઈ શકે તેવા દરેક પાસાઓ પર ધ્યાન આપી રહ્યા છે, જો રોકેટ ફેલ થશે તો શું થશે તેની સંભાવના પર પણ કામ થઈ રહ્યું છે. જેથી આપણા અવકાશયાત્રીઓ સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા આવી શકે. આ માટે પાંચ અલગ-અલગ પ્રકારના જોખમ પર કામ કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને ક્રૂ કેપ્સ્યુલને એવી રીતે ડિઝાઈન કરવામાં આવી રહી છે કે કોઈ મદદ ન મળે તો તે પોતાની જાતને નિયંત્રિત કરી શકે છે અને તેને સુરક્ષિત રીતે જમીન પર પાછી લાવી શકે છે. ઈસરોના ગગનયાન મિશનમાં ત્રણ અવકાશયાત્રીઓને અવકાશમાં મોકલવાના છે, પરંતુ આ માટે ઈસરો દ્વારા ચાર અવકાશયાત્રીઓ તૈયાર કરવામાં આવી રહ્યા છે, તેમની સંખ્યા ભવિષ્યમાં વધુ વધારી શકાય છે, કારણ કે ભારતના કેટલાક અવકાશ યાત્રીઓને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર પણ મોકલવામાં આવશે. જેમને મોકલવાના છે તેમને નાસા દ્વારા જ તાલીમ આપવામાં આવશે, આ ટીમ ગગનયાન મિશન પછી તરત જ અમેરિકા જશે.

# ભારતમાં ખૂનખરાબા બાદ કેનેડામાં ૧૧ ગેંગસ્ટરો કરી રહ્યા છે આરામ, NIAએ જાહેર યાદી કરી

(જી.એન.એસ) નવીદિલ્હી,તા.૨૨

કેનેડા અને ભારત વચ્ચે તણાવ વધી રહ્યો છે. દરમિયાન, બુધવારે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) એ ૧૧ કુખ્યાત ગેંગસ્ટરોની યાદી તેમના ફોટા સાથે જાહેર કરી છે. આ ગુંડાઓ ભારતમાંથી ભાગી ગયા છે અને કેનેડામાં રહે છે, જ્યાંથી તેઓ પંજાબ સહિત દેશના અન્ય રાજ્યોમાં ષડયંત્ર રચતા રહે છે. તેઓ કેનેડામાં ખૂબ જ મોજ શોખથી જીવન જીવી રહ્યા છે અને તેમને કાયદાનો કોઈ ડર નથી. NIA દ્વારા જાહેર કરવામાં આવેલી યાદીમાં પહેલું નામ ગેંગસ્ટર ગોલ્ડી બ્રારનું છે. તેણે પ્રખ્યાત પંજાબી ગાયક સિદ્ધુ મુસેવાલાની હત્યા કરી હતી. આ પછી બીજા ક્રમે જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સનો ભાઈ અનમોલ બિશ્નોઈ છે. આ સિવાય અર્શદીપ સિંહ ગિલ ઉર્ફે અર્શ દલ્લા, દરમન સિંહ કાહલોન, લખબીર સિંહ, દિનેશ શર્મા ઉર્ફે ગાંધી, નીરજ ઉર્ફે પંડિત, ગુરપિન્દર, સુખદુલ, ગૌરવ પટિયાલ ઉર્ફે સૌરભ



ગેંગસ્ટર દલેર સિંહની તસવીરો બહાર પાડવામાં આવી છે. મહત્વનુ છે કે NIAએ કુલ ૪૩ કુખ્યાત ગેંગસ્ટરના ફોટો જાહેર કર્યા છે. NIAનું કહેવું છે કે હત્યા, ખંડણી ઉપરાંત આ કુખ્યાત ગેંગસ્ટરો પર પાકિસ્તાનના ઉશ્કેરણી પર રાષ્ટ્રવિરોધી ષડયંત્ર રચવાનો આરોપ છે. તેમાંથી મોટાભાગના કેનેડામાં છુપાયેલા છે. NIAએ જણાવ્યું છે કે ૧૧ ગેંગસ્ટરોમાંથી ૭ છ કેટેગરીના ગુનેગારો છે, જેઓ પંજાબમાં ગુના કરીને ફરાર થઈ ગયા છે. આ તમામ ગુનેગારો કેનેડામાં વૈભવી જીવન જીવી રહ્યા છે, જ્યાં તેઓ ખાલિસ્તાનીઓ સહિત યુવાનોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. સાથે જ તેમને ગુનાની દુનિયામાં ધકેલી રહ્યા છે. શીખ ફોર જસ્ટિસ, ખાલિસ્તાન ટાઈગર ફોર્સ, વર્લ્ડ શીખ ઓર્ગેનાઈઝેશન, બબ્બર ખાલિસ્તાન ઈન્ટરનેશનલ સહિત નવ અલગતાવાદી સંગઠનો કેનેડામાં ભારત વિરુદ્ધ ષડયંત્રમાં સામેલ છે. આ તમામ સંગઠનો આતંકવાદ અને કુખ્યાત આતંકવાદીઓ સાથે સંબંધ ધરાવે છે.

એમ પણ કહી શકાય કે આ સંગઠનોના નેતાઓ કુખ્યાત આતંકવાદીઓ છે. પંજાબ પોલીસની વિનંતી પર, ઈન્ટરપોલ પહેલાથી જ બ્રાર અને ડલ્લા વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ (RCN) જાહેર કરી ચૂકી છે. બ્રાર, મુક્તસર સાહિબનો વતની, ૨૦૧૭માં સ્ટુડન્ટવિઝા પર કેનેડા ભાગી ગયો હતો અને જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની ગેંગનો સભ્ય હતો, જે ઘણી આતંકવાદી પ્રવૃત્તિઓ અને ખંડણીમાં સામેલ હતો.

# ખાલિસ્તાની આતંક ઉપર જોરદાર પ્રહારની તૈયારી


નવી દિલ્હી, તા.૨૨

કેનેડામાં ખાલિસ્તાની આતંકીઓની ગતિવિધિઓ તેજ થયા બાદ ભારતે પણ જવાબી કાર્યવાહી કરી છે. NIA એ બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ (BKI) ના આતંકીઓ રિંદા, લાંદા અને ત્રણ અન્ય વિશે જાણકારી આપવા બદલ કેશ રિવોર્ડની જાહેરાત કરી છે. એજનસીએ બુધવારે સૂચીબદ્ધ આતંકવાદી હરવિંદર સિંહ સંધુ ઉર્ફે રિંદા, અને લખબીર સિંહ સંધુ ઉર્ફે લાંદાની સૂચના આપનારાઓને ૧૦-૧૦ લાખ રૂપિયા કેશ ઈનામ આપવાની જાહેરાત કરી છે. NIA તરફથી આ આતંકવાદીઓના ત્રણ સહયોગીઓ પરમિંદર સિંહ કૈરા ઉર્ફે પટ્ટુ, સતનામ સિંહ ઉર્ફે સતબીર સિંહ ઉર્ફે સત્તા અને યદવિંદર સિંહ ઉર્ફે યદ્દા વિશે જાણકારી આપનારાઓને ૫-૫ લાખ રૂપિયાની કેશ રિવોર્ડની જાહેરાત કરાઈ છે. તમાં પાંચ મામલા ભારતની શાંતિ અને સાંપ્રદાયિક સદભાવને બગાડવા અને પંજાબ રાજયમાં આતંક ફેલાવવાના હેતુથી બીકેઆઈની આતંકી ગતિવિધિઓ સાથે જોડાયેલા છે. એનઆઈએએ યુપીએ ની કલમ ૧૭, ૧૮, ૧૮ બી, અને ૩૯ હેઠળ કેસ દાખલ કર્યો હતો. વોન્ટેડ આતંકીઓ પર પંજાબમાં આતંકવાદી હાર્ડવેર અને નશીલા પદાર્થોની તસ્કરી કરવાનો આરોપ છે. આ સાથે જ વેપારીઓ અને અન્ય પ્રમુખ વ્યક્તિઓ પાસેથી જબરદસ્તીથી વસૂલી દ્વારા આતંકી સંગઠન બીકેઆઈ માટે ધન ફેગુ કરવા અને દહેશતગર્દી ફેલાવવાનો પણ મામલો છે. જે આતંકીઓ પર એજન્સીએ ઈનામ જાહેર કર્યું છે તે પંજાબ રાજયમાં આતંકનો માહોલ બનાવવા માટે ટાર્ગેટ કિલિંગ્સ અને કાનૂન પ્રવર્તન એજન્સીઓને નિશાન બનાવવામાં વોન્ટેડ રહ્યા છે. એનઆઈએની તપાસમાં ખબર પડી છે કે આ આતંકવાદીઓ પૈસાની લાલચ આપીને નવા લોકોને બીકેઆઈમાં ભરતી કરવામાં લાવ્યા હ તા. તેમણે ભારતના વિવિધ ભાગોમાં પોતાની આતંકી ગતિવિધિઓને વધારવા માટે વિવિધ દેશોમાં એક નેટવર્ક પણ સ્થાપિત કર્યું છે. હરવિંદર સિંહ સંધુ ઉર્ફે રિંદા હાલ પાકિસ્તાનમાં છૂપાયેલો છે. તે ભારત તરફથી વોન્ટેડ આતંકી છે અને મૂળ રીતે ગેટ નંબર ૫, સચખંડ, ગુરુદ્વારા હજૂર સાહિબ, જિલ્લા નાંદેડ મહારાષ્ટ્રનો છે. તેનું સ્થાયી સરનામું પંજાબમાં તરનતારન જિલ્લો છે. જ્યારે લાંદા પંજાબના તરનતારન જિલ્લાના ગામ હરિકેનો રહીશ છે. પરમિંદર સિંહ ખેરા ઉર્ફે પટ્ટુ બાંધેલવાલા પંજાબ જિલ્લાના ફિરોઝપુરનો રહીશ છે. સતનામ સિંહ ઉર્ફે સતબીર સિંહ ઉર્ફે સત્તા તરનતારનના નૌશેરા પન્નુઆન ગામનો રહીશ છે. યાદવિંદર સિંહ ઉર્ફે યદ્દા પણ તરનતારન જિલ્લાના જ ચંબા કલા ગામનો રહીશ છે. એનઆઈએએ લોકોને અપીલ કરી છે કે આ આતંકીઓ વિશે કોઈ પણ જાણકારી તેના દિલ્હી હેડક્વાર્ટર કે ચંડીગઢ બ્રાન્ચ ઓફિસમાં આપી શકો છો. જાણકારી આપનારાનું નામ ગુપ્ત રાખવામાં આવશે.

# શ્રી ગણપતિજીએ વૃકાસરનો વધ કર્યો તેની કથા

શિવજી અને પાર્વતિજીનાં પુત્ર વિઘ્નહર્તા શ્રી ગણેશજી છ વર્ષનાં થયા. તેમની દરરોજની બાળલીલા જોઈ શિવજી, પાર્વતિજી તેમજ શિવજીના ગણો ખુબ જ હર્ષ પામતા. સૌ શ્રી ગણપતિજીને વહાલ કરતાં ગણપતિજી પણ સૌને આનંદ આપતાં.

એક દિવસ ગણપતિજી પોતાનાં બાળ મિત્રોને સાથે રાખી અને રમવા માટે ઘરેથી નિકળી ગયેલા એવા સમયે ભગવાન શ્રી વિશ્વકર્માજી શિવલોકમાં આવ્યા. તેમણે ભગવાનશ્રી અને માતા પાર્વતિજીને પ્રણામ કર્યા. જગતપિતા એવા શિવજી અને જગતમાતા પાર્વતિજીએ વિશ્વકર્માજીને આવવાનું કારણ પૂછ્યું ત્યારે, વિશ્વકર્માજીએ પ્રત્યુત્તર વાળતાં કહ્યું. હે માતા અમારા



વિસ્તારમાં એકવૃકાસુર નામનો અસુર અનેતેના સાગરીતો કોઈને ચેનથી રહેવા દેતા નથી અને દેવતાઓનું બળ તેમની પાસે ઓછું પડે છે. અને તે દેવલોકમાં ધીરે ધીરે પગપેશારો કરી અને આગળ વધી રહ્યો છે. અને આમને આમ તે ક્યારે શિવલોક સુધી પહોંચી જાય તે પણ નક્કી નહીં. માટે હવે શું કરવું તેનો અમને કોઈ માર્ગ દેખાતો નથી.

આ પ્રમાએ ચર્ચા ચાલી રહી હતી ત્યારે અચાનક શ્રી વિઘ્નહર્તા ગણેશજી પોતાની બાલ મિત્રમંડળ સાથે શિવલોકમાં આવ્યા. ત્યાં શ્રી વિશ્વકર્માજીને જોઈ એમણે આશ્ચર્ય અનુભવ્યું. શ્રી વિશ્વકર્માજી બાળ સ્વરૂપ ગણપતિજીનું પૂજન કરી અને કહ્યું મંગલમુર્તિ એવા આપના દર્શન કરી અને પાવન થઈ ગયો.

બાળક શ્રી ગણપતિજીને શ્રી વિશ્વકર્માજીએ કહ્યું. એ બધું તો ઠીક પરંતુ આ મારા માટે કંઈક લાયક એવી ભેંટ લાવ્યા છો ? હું જાણું છું કે આપ તો ઓલૌકિક વસ્તુઓ બનાવી શકવા માટે શક્તિમાન છો. ત્યારે શ્રી વિશ્વકર્માજી બોલ્યો, તમને તો હું શું ભેંટ આપી શકું ? તેમ છતાં પણ મારી શક્તિ અનુસાર અને મારાથી આપી શકાય તેવી આ ભેંટ કે જેમાં શિક્ષણ અંકુશ, પરશુ, પાસ અને પદન લઈ આવ્યો છું. જેના વડે તમે તમારા શત્રુઓનો સંહાર કરી શકશો.

આ નવિન ભેંટની વસ્તુઓ જોઈ અને શ્રી ગણપતિજી તો રાજીનાં રેડ થઈ ગયા. અને કહેવા લાગ્યા કે, મેં સાંભળ્યું છે કે હમાણા વૃકાસુર નામના એક દૈત્ય અને તેના અસુર મિત્રોથી દેવતાઓ ત્રસ્ત થયેલા છે. આ શસ્ત્રોનો સર્વપ્રથમ હું તેમના પર પ્રયોગ કરીશ. માટે મને આ શસ્ત્રોનો ઉપયોગ કરતાં શીખડાવો.

ત્યારે શ્રી વિશ્વકર્માજી મંગલમુર્તિએવા શ્રી ગણપતિજી મહારાજને પોતે બનાવેલા અસ્ત્ર-શસ્ત્રનો કઈ રીતે ઉપયોગ કરવો તેનું જ્ઞાન આપ્યું. અને ત્યાર પછી શિવજી પાર્વતિજી અને ગણપતિજી પાસેથી શ્રી વિશ્વકર્માજીએ વિદાય લીધી. ત્યાર પછી તો બાળકએવા શ્રી ગણપતિજીએ તે શસ્ત્રો ચલાવવાનો અભ્યાસ પણ સારી રીતે કરી લીધો. પછી તો તે શસ્ત્રો તેમને ખૂબ જ પ્રિય થઈ ગયા. એટલે કાયમ તેને સાથે રાખવાનું તેમને ખૂબ જ ગમતું.

એક દિવસ આ શસ્ત્રો સાથે લઈ અને પોતાનાં બાલ મિત્ર-મંડળ સાથે રમતો રમી રહ્યાં હતાં. બરાબર આ સમયે વૃકાસુર નામનો એક રાક્ષસ અને તેના સાથે અન્ય અસુરો ત્યાં આવી ચડ્યા. તેને આવતા જોઈ અને ગણપતિજીની સાથે રમી રહેલા અન્ય બાળકો ત્યાંથી ભાગવા લાગ્યા. પરંતુ, વિકરાળ એવા એસુરોને જોઈને પણ ગજાનન જરા પણ ગભરાયા વિના ત્યાં જ ઊભા રહ્યાં. અસુર એવા વૃાકસરનું લક્ષ્ય પણ શ્રી ગણપતિજી જ હતા. બંન્ને વચ્ચે ભંયકર યુધ્ધ થયું અને તેની વાત ચારે તરફ ફેલાતાં સર્વતરફ હાહાકાર છવાઈ ગયા.

શ્રી ગણપતિજીએ અત્યંત બુધ્ધિ પૂર્વક યુધ્ધ કરી અને પાશ-અંકુશનાં હુમલા વડે અસુર એવા વૃકાસરને લોહી લુહાણ કરી નાખ્યો. એ જોઈ અને તેની સાથે આવેલા અસુરો તો ભાગી જ ગયા. વૃકાસર પણ પછી લોહી લુહાણ હાલતમાં ધરતી પર ઢળી પડ્યો અને તેનાં પ્રાણ પંખેરૂ ઉડી ગયા.

આ સમયે શ્રી શિવજી-પાર્વતિ, શ્રી વિષ્ણુ-લક્ષ્મીજી, બ્રહ્માજી-સાવિત્રી તથા સમસ્ત દેવતા ગણો ત્યાં આવ્યા. દેવતાઓએ પુષ્પવૃષ્ટી કરી. દુન્દુભી નગારા વાગ્યા અને સર્વત્ર શ્રી ગણપતિજીનો જય જયકાર થયો.

**ગણપતિને પ્રસન્ન કરવાનો પ્રયોગ**

શ્રી ગણપતિ વિઘ્નહર્તા, મગંલકર્તા તથા રિધ્ધિ-સિધ્ધિના દાતા છે. તેમને પ્રસન્ન કરવા માટે શ્રી ગણપતિજીના ભક્તો માટે એક સરળ પ્રયોગ અહીં રજૂ કરું છું. ગણપતિજીની દ્વાદશ નામાવલી નીચે આપેલી છે. તે એક એક નામ સાથે શ્રી ગણપતિજીને દૂર્વા ચડાવવાથી વિઘ્નો દૂર થાય છે, ઘરમાં મંગલમય વાતાવરણ રહે છે અને રિધ્ધિ-સિધ્ધિ સમૃધ્ધિ કાયમ રહે છે.

**શ્રી ગણપતિ-દ્વાદશ નામાવલી**

૧. ૐ શ્રી સુમુખાય નમઃ
૨. ૐ શ્રી એકદંતાય નમઃ
૩. ૐ શ્રી કપિલાય નમઃ
૪. ૐ શ્રી ગજકર્ણાય નમઃ
૫. ૐ શ્રી લંબોદરાય નમઃ
૬. ૐ શ્રી વિકટાય નમઃ
૭. ૐ શ્રી વિઘ્નનાશાય નમઃ
૮. ૐ શ્રી વિનાયકાય નમઃ
૯. ૐ શ્રી ધુમ્રકેતવે નમઃ
૧૦. ૐ શ્રી ગણાધ્યક્ષાય નમઃ
૧૧. ૐ શ્રી ભાલચંદ્રાય નમઃ
૧૨. ૐ શ્રી ગજાનનાય નમઃ

આ મંત્રો સાથે દુર્વા ચડાવ્યા પછી શ્રી ગણપતિજીને હાથ જોડી, પગે લાગી નીચે મુજબ પ્રાર્થના કરવી.

નમસ્તસ્મૈ ગણેશાય, બ્રહ્મ વિદ્યા પ્રદાયિને.
યસ્યા ગસ્ત્યા યજ્ઞે, નામ વિઘ્ન સાગરશોષણે.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

# CBSE સિંગલ ગર્લ ચાઈલ્ડ શિષ્યવૃત્તિ માટે ઓનલાઈન અરજીની કાર્યવાહી શરૂ

## વિદ્યાર્થિનીઓ બોર્ડની વેબસાઈટ ઉપર જઈને ૧૮ ઓક્ટોબર સુધી અરજી કરી શકે તેવી વ્યવસ્થા

અમદાવાદ, તા.૨૨

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) બોર્ડ દ્વારા સિંગલ ગર્લ ચાઈલ્ડ માટેની શિષ્યવૃત્તિ યોજના માટે ઓનલાઈન અરજીની કાર્યવાહી શરૂ કરી છે. આ માટે બોર્ડની વેબસાઈટ ઉપર પાત્રતા અને તેની શરતો મૂકવામાં આવી છે. જેની મદદથી વિદ્યાર્થિનીઓ શિષ્યવૃત્તિ માટે ઓનલાઈન અરજી કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ સ્કીમ હેઠળ વિદ્યાર્થીનીઓ ૧૮ ઓક્ટોબર સુધી ઓનલાઈન અરજી કરી શકશે તેમ બોર્ડ દ્વારા જણાવાયું છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા મેરિટ શિષ્યવૃત્તિ યોજનાઓ માટે લાયક વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં વિવિધ બે જેટલી યોજનાઓ માટે વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. CBSE બોર્ડની વેબસાઈટ ઉપર અરજી કરવા માટેની લિંક મૂકવામાં આવી છે, જેની મદદથી વિદ્યાર્થીઓ સ્કોલરશીપ માટે ઓનલાઈન અરજી કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. CBSE બોર્ડ દ્વારા જે શિષ્યવૃત્તિ યોજના માટે ઓનલાઈન અરજીઓ મંગાવી છે તેમાં સિંગલ ગર્લચાઈલ્ડ સ્કોલરશિપ ૨૦૨૩ સ્કીમનો સમાવેશ થાય છે. આ સ્કીમ હેઠળ સિંગલ ગર્લ ચાઈલ્ડ માટે CBSE મેરિટ સ્કોલરશિપ સ્કીમ માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. જેમાં જે વિદ્યાર્થિનીએ CBSEમાંથી ૨૦૨૩માં ધોરણ-૧૦ પાસ કર્યું છે અને CBSE સંલગ્ન સ્કૂલોમાં ધોરણ-૧૧માં અભ્યાસ કરે છે. આમ, આવી વિદ્યાર્થિનીઓ આ સ્કીમ હેઠળ શિષ્યવૃત્તિ માટે અરજી કરી શકશે. આ ઉપરાંત સિંગલ ગર્લ ચાઈલ્ડ સ્કોલરશિપ ૨૦૨૨ (નવીનીકરણ ૨૦૨૩) યોજના હેઠળ પણ અરજીઓ મંગાવવામાં આવી છે. જેમાં ૨૦૨૨માં આપવામાં આવેલી CBSE સિંગલ ગર્લ ચાઈલ્ડ સ્કોલરશિપના નવીકરણ માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. આમ, બંને અરજીઓ માટે બોર્ડની વેબસાઈટ ઉપર ફોર્મની વિગતો તથા પાત્રતા અને તેની શરતોની વિગતો મૂકવામાં આવેલી છે. આ સાથે જ ફોર્મ ભરવા માટેની લિંક પણ વેબસાઈટ ઉપર છે, જ્યાંથી વિદ્યાર્થિનીઓ ઓનલાઈન અરજી કરી શકશે. ઓનલાઈન અરજી કરવા માટે ૧૮ ઓક્ટોબર સુધીની મુદ્દત આપવામાં આવી છે.

# સરકારે સોશિયલ મીડિયાના ઉપયોગ માટે વય મર્યાદા લાવવાનું વિચારવું જોઈએ : કર્ણાટક હાઈકોર્ટ

બેંગ્લુરૂ, તા.૨૨

કર્ણાટકની હાઈકોર્ટે તાજેતરમાં અવલોકન કર્યું હતું કે જો દારૂ પીવાની કાયદેસરની ઉંમરની જેમ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવા માટે વય મર્યાદા લાગુ કરવામાં આવે તો તે યોગ્ય રહેશે. જસ્ટિસ જી નરેન્દ્ર અને વિજયકુમાર એ પાટીલની ડિવિઝન બેન્ચે એક્સ કોર્પ (અગાઉનું ટ્વિટર) દ્વારા ૩૦ જૂનના સિંગલ જજના આદેશને પડકારતી અપીલની સુનાવણી કરતી વખતે આ અવલોકન કર્યું હતું જેણે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (MeitY) દ્વારા જારી કરાયેલા નિકાલના આદેશો વિરૂદ્ધ તેમની અરજી ફગાવી દીધી હતી. MeiTYએ ૨ ફેબ્રુઆરી, ૨૦૨૧થી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ની વચ્ચે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની કલમ ૬૯A હેઠળ ૧,૪૭૪ એકાઉન્ટ્સ, ૧૭૫ ટ્વિટ્સ, 256 URL અને એક હેશટેગને બ્લોક કરવાનો નિર્દેશ આપતા ૧૦ સરકારી આદેશો જારી કર્યા હતા. ટ્વિટરે આમાંથી 39 URLને લગતા ઓર્ડરને પડકાર્યા છે.સોશિયલ મીડિયા ઉપર પ્રતિબંધ લગાવો. હું તમને બતાવીશ કે પરિણામ ઘણું સારૂ આવશે.આજના શાળાએ જતા બાળકો તેના ખૂબ જ વ્યસની છે. મને લાગે છે કે આબકારી નિયમોની જેમ વય મર્યાદા હોવી જોઈએ, જસ્ટિસ જી નરેન્દ્રએ નોંધ્યું હતું. કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે બાળકો ૧૭ કે ૧૮ વર્ષના હોઈ શકે છે. પરંતુ શુ તે રાષ્ટ્રના હિતમાં છે કે નથી તે નક્કી કરવા માટે પરિપકવતા ધરાવે છે. માત્ર સોશિયલ મીડિયા ઉપર જ નહીં, ઈન્ટરનેટ ઉપરની વસ્તુઓ પણ હટાવી દેવી જોઈએ તે મનને ભ્રષ્ટ કરે છે. સરકારે સોશિયલ મીડિયાના ઉપયોગ માટે વય મર્યાદા લાવવાનું વિચારવુંજોઈએ. કોર્ટે એક્સ કોર્પ ઉપર ૫૦ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. ઠ કોર્પના વકીલે દલીલ કરી હતી કે MeiTYએ યુઝર્સને તેમના ટ્વિટ્સ અને એકાઉન્ટ્સ બ્લોક કરવા વિશે જાણ કરી ન હતી અને કંપનીને પણ તેમને જાણ કરવાની મનાઈ હતી. હાઈકોર્ટે કહ્યું કે જ્યારે રાષ્ટ્રીય સુરક્ષાની વાત આવે ત્યારે દરેક એક જ પૃષ્ઠ ઉપર હોવું જોઈએ. કેસની સુનાવણી સુધી મુલતવી રાખવામાં આવી હતી જ્યારે હાઈકોર્ટ એક્સ કોર્પ દ્વારા માંગવામાં આવેલી વચગાળાની રાહત અંગે નિર્ણય લેશે. હાઈકોર્ટે કહ્યું કે ત્યારબાદ અપીલની સુનાવણી કરવામાં આવશે.

# એશિયા કપના જ્વલંત વિજયે ભારતીય ટીમનું વર્લ્ડકપ માટે મનોબળ વધારી દીધું

મુંબઈ તા.૨૨

એશિયા કપમાં ભારતીય ક્રિકેટ ટીમના શાનદાર વિજયે નિઃશંકપણે ખેલાડીઓનું મનોબળ વધાર્યું છે અને આવતા મહિને શરૂ થઈ રહેલા વર્લ્ડકપ વિશે ક્રિકેટપ્રેમીઓમાં અપેક્ષાઓ વધારી છે. જો કે એશિયા કપના પ્રદર્શનને વર્લ્ડકપની મેચોના માપદંડથી આંકી શકાય નહીં, પરંતુ ભારતીય ટીમે ત્યાં પણ તે ટીમો સામે હરીફાઈ કરવી પડશે જેને તેણે એશિયાકપમાં જીત હાંસલ કરવા માટે હરાવી છે. સામાન્ય રીતે ભારતીય ટીમની પાકિસ્તાનની ટીમ સાથે સખત સ્પર્ધા હોય છે. ભારત સામેની છેલ્લી મેચમાં શ્રીલંકાની ટીમ માત્ર પચાસ રન બનાવી શકી હતી. શ્રીલંકાની ટીમ પણ ભારતને ખરાખરીની ટક્કર આપે છે, પરંતુ આ વખતે જે રીતે તેને હારનો સામનો કરવો પડ્યો, અને તેના કારણે ભારતીય ટીમના નામે ઘણા રેકોર્ડ નોંધાયા છે. ફાઈનલ મેચમાં શ્રીલંકાની ટીમ માત્ર પચાસ રન બનાવી શકી હતી તથા પંદર ઓવર અને બે બોલમાં મેદાનની બહાર થઈ ગઈ હતી. આ મેચ સાથે મોહમ્મદ સિરાજ એક ઓવરમાં ચાર વિકેટ લેનારો વિશ્વનો ચોથો બોલર બની ગયો છે. ભારતીય ટીમ માટે જ સરળ લક્ષ્ય હતું. પરંતુ ભારતીય બોલર મોહમ્મદ સિરાજે કરેલી તોફાની બોલિંગ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બહુ ઓછા પ્રસંગોએ જોવા મળી છે. એક ઓવરમાં ચાર વિકેટ લેનારો તે વિશ્વનો ચોથો બોલર બન્યો. તેણે સાત ઓવરમાં છ વિકેટ ઝડપી હતી. રમતગમતમાં, જે ટીમ તેના વિરોધી ઉપર માનસિક દબાણ બનાવવામાં સફળ થાય છે તેની જીત નિશ્ચિત માનવામાં આવે છે. પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કરીને શ્રીલંકાની ટીમ ચોક્કસપણે રનનો પહાડ બનાવવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરી હતી, પરંતુ માત્ર એક જ ઓવરમાં ચાર ખેલાડીઓ આઉટ થઈ જતાં તેમના પર મનોવૈજ્ઞાનિક દબાણ એટલું વધી ગયું હતું કે તેઓ છેક સુધી બેઠા થઈ શક્યા ન હતા. ભારતીય બોલરોએ આનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો અને શ્રીલંકાની ટીમનું પચાસ રનમાં પોટલું વાળી દીધું. એ પછી બેટિંગ કરવા આવેલા બંને ભારતીય ખેલાડીઓ આ સરળ લક્ષ્યાંક હાંસલ કરીને અણનમ પરત ફર્યા હતા. આંતરરાષ્ટ્રીય વન-ડે સ્પર્ધામાં ભારતીય ટીમ સામે આટલા ઓછા રનનો વિજય લક્ષ્યાંક કોઈ ટીમે રાખ્યો હોય તેવો આ પ્રથમ પ્રસંગ હતો. આ પહેલા ૨૦૧૪માં ભારતીય ટીમ સામે શ્રીલંકાની ટીમ જ ૫૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ સ્પર્ધામાં, ભારતીય ટીમ આંતરરાષ્ટ્રીય વન-ડે રમતોમાં તેની હરીફ ટીમને બે વખત દસ વિકેટથી હરાવનારી પ્રથમ ટીમ બની છે. આ પહેલા ૧૯૯૮માં શારજાહમાં ઝિમ્બાબ્વે ટીમને દસ વિકેટે હાર આપી હતી. આ સ્પર્ધામાં શુભમન ગિલે પણ એક મોટો રેકોર્ડ બનાવ્યો, જેણે કુલ ૩૦૨ રન બનાવીને ઈતિહાસ રચ્યો છે. જો કે એશિયા કપમાં ભારતનો હંમેશા દબદબો રહ્યો છે. તેણે આઠમી વખત આ કપ જીત્યો છે. શ્રીલંકાની ટીમ પણ આ મામલે પાછળ નથી. તે છ વખત આ કપ પણ જીતી ચૂકી છે. પાકિસ્તાન માત્ર બે વખત જ આ કપ ઉપર કબજો કરી શક્યું છે. આ ત્રણેય ટીમો વર્લ્ડકપમાં પણ ટકરાશે. આ રીતે, એશિયા કપ સ્પર્ધાના અનુભવો આ ટીમોને વર્લ્ડકપ સ્પર્ધામાં તેમનું પ્રદર્શન સુધારવા માટે એક આધાર પૂરો પાડશે. આમ, ખેલાડીઓને એશિયા કપમાં તેમના પ્રદર્શનનું મૂલ્યાંકન કરતી વખતે તેમના ટેકનિકલ કૌશલ્યો સુધારવા અને પ્રતિસ્પર્ધી ટીમના ખેલાડીઓની શક્તિ અને નબળાઈઓને સમજવાની તક પણ મળશે. જો કે, કોઈપણ સ્પર્ધાને આગામી સ્પર્ધા માટે માપદંડ તરીકે ગણવામાં આવવી જોઈએ નહીં. પરંતુ એશિયા કપમાં મળેલી જીતે ચોક્કસપણે ભારતીય ખેલાડીઓનું મનોબળ વધાર્યું છે.




# જાન્યુઆરીથી જૂનના ગાળામાં ભારતીયો દ્વારા ૩૦ લાખ વીઝાની અરજી


## કોવિડ અગાઉ ૨૦૧૯માં આખા વર્ષમાં ભારતીયોએ લગભગ ૬૦ લાખ વીઝા અરજીઓ કરી હતી




નવી દિલ્હી, તા.૨૨

ભારતીયો અત્યારે મોટી સંખ્યામાં વીઝાની અરજીઓ કરી રહ્યા છે. જાન્યુઆરીથી જૂન સુધીના છ મહિનાનો રેકોર્ડ જોવામાં આવે તો આ ગાળામાં ભારતીયોએ જુદા-જુદા દેશો માટે લગભગ ૩૦ લાખથી વધુ વીઝા અરજીઓ કરી હતી. કોવિડ અગાઉ ૨૦૧૯માં આખા વર્ષમાં ભારતીયોએ લગભગ ૬૦ લાખ વીઝા અરજીઓ કરી હતી. તેની સાથે તુલના કરવામાં આવે તો આ વર્ષે વીઝા એપ્લિકેશનની સંખ્યાને રેકોર્ડ બને તેવી સંભાવના છે. લગભગ ૫૦થી વધુ દેશોની વીઝા અરજીઓને મેનેજ કરતી કંપની વીએફએસ ગ્લોબલે આ આંકડા આપ્યા છે. ૨૦૧૯માં હજુ કોવિડ આવ્યો નહતો અને પ્રોસેસમાં પણ કોઈ અવરોધો ન હતા છતાં ૬૦ લાખ અરજીઓ થઈ હતી. આ વર્ષે જે ઝડપથી વીઝા અરજીઓ થઈ રહી છે તેના પરથી લાગે છે કે, ૨૦૧૯નો રેકોર્ડ આસાનીથી તૂટી જશે. અત્યારે ભારતીયોને અમેરિકા અને યુરોપ જવામાં વધારે લાંબી પ્રક્રિયાનો સામનો કરવો પડે છે. વીઝાની પ્રોસેસ લાંબી છે અને ઈન્ટરવ્યૂ માટે પણ સમય લાગે છે. છતાં ભારતીયો જરાય હિંમત હાર્યા વગર વીઝાની અરજી કરતા રહે છે. ૨૦૧૯માં સૌથી વધુ વીઝા એપ્લિકેશનનો રેકોર્ડ બન્યો હતો જે ૨૦૨૩માં તૂટશે તેમ લાગે છે. હાલમાં ભારતીયોન US B1 (બિઝનેસ) અને B2 (વિઝિટર) વીઝા મેળવવામાં વધારે મુશ્કેલી નડે છે. આ વીઝા માટે ભારતીયોએ લગભગ દોઢ વર્ષ સુધી ઈન્ટરવ્યૂની રાહ જોવી પડે છે. આ ઉપરાંત શેંગેન વીઝા માટે પણ આવી જ સ્થિતિ છે. ખાસ કરીને નોર્વે અને સ્વીડનને બાદ કરતા બાકીના દેશોએ વીઝા એપોઈન્ટમેન્ટની સંખ્યા ઉપર નિયંત્રણ મૂક્યું છે. તેના કારણે યુરોપની મુલાકાત લેવા માંગતા માત્ર અડધા ભારતીયોને જ જરૂરી પરમિશન મળે છે. પોર્ટુગલ, પોલેન્ડ, ઈટલી, ફ્રાન્સ અને જર્મનીમાં વીઝાને લગતા ઈશ્યૂ નડે છે. અમુક પ્રમાણમાં સ્વિટ્ઝર્લેન્ડ અને નેધરલેન્ડના વીઝા પણ મુશ્કેલ છે. શેંગેન વિઝા મોટા ભાગના લોકોને પરેશાન કરી રહ્યા છે અને છતાં વીઝા એપ્લિકેશનની સંખ્યામાં વધારો થયો છે. કોવિડ પછી થોડો સમય માટે ટ્રાવેલ નિયંત્રણોના કારણે ભારતમાંથી વીઝાની માંગને અસર થઈ હતી. પરંતુ ત્યાર પછી તેમાં ફરીથી ઉછાળો આવ્યો છે. ૨૦૨૧ની તુલનામાં ૨૦૨૨માં વીઝાની માંગમાં ૧૪૦ ટકાનો વધારો થયો છે. ૨૦૧૯ની તુલનામાં ૨૦૨૨માં માંગ ૩૦ ટકા ઓછી હતી. કેટલાક દેશો પણ હવે વીઝા આપવા માટે વધારે ઉદાર બન્યા છે. ઉદાહરણ તરીકે ઓસ્ટ્રેલિયાના ડિપાર્ટમેન્ટ ઓફ હોમ અફેર્સએ વીએફએસ ગ્લોબલને દુનિયામાં સાત જગ્યાએ ગ્લોબલ બાયોમેટ્રિક સર્વિસ શરૂ કરવાની મંજૂરી આપી છે, જેમાં ભારત પણ સામેલ છે. આ ઉપરાંત સ્વીડન સાથે પણ વીઝા કોન્ટ્રાક્ટ રિન્યુ થયો છે. તેથી વીએફએસ ગ્લોબલ હવે અમદાવાદ, બેંગ્લુરૂ, ચેન્નાઈ, હૈદરાબાદ, કોલકાતા, મુંબઈ, દિલ્હી અને પૂણેમાં પણ એપ્લિકેશન સેન્ટર ઉપર વીઝાની અરજી સ્વીકારી શકશે.

# નાણાંકીય વર્ષ ૨૦૨૩માં પરિવારોની બચત ઘટીને પાંચ-દશકાના નીચા સ્તરે પહોંચી, તેમનું દેવું ગંભીર રીતે વધી રહ્યું છે : અહેવાલ



નવી દિલ્હી, તા.૨૨

નાણાકીય વર્ષ ૨૦૨૩માં પરિવારોની ચોખ્ખી નાણાકીય બચત GDPના ૫.૧%ના લગભગ પાંચ દાયકાના નીચા સ્તરે આવી ગઈ છે, જે ૨૦૨૨માં ૭.૨% હતી. ફાઈનાન્શિયલ એક્સપ્રેસે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટા મુજબ અહેવાલ આપ્યો છે કે, પરિવારોની વાર્ષિક નાણાકીય જવાબદારીઓ FY22માં ૩.૮%ની સરખામણીમાં ૨૦૨૩માં GDPના ૫.૮% જેટલો તીવ્ર વધારો થયો છે. આ આંકડા સૂચવે છે કે, પરિવારો તેમની વપરાશની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે મોટાભાગે ઉધાર લે છે. ગયા નાણાકીય વર્ષ (FY23)માં નાણાકીય જવાબદારીઓમાં વૃદ્ધિનો દર સ્વતંત્રતા પછીનો બીજો સૌથી વધુ દર હતો. નાણાકીય વર્ષ ૨૦૦૭માં વૃદ્ધિ દર ૬.૭% હતો. FY21માં ચોખ્ખી ઘરગથ્થુ સંપત્તિ રૂા.૨૨.૮ ટ્રિલિયન હતી. FY22માં તે ઘટીને રૂા.૧૬.૯૬ ટ્રિલિયન થઈ હતી અને નાણાકીય વર્ષ ૨૩માં તે વધુ ઘટીને રૂા.૧૩.૭૬ ટ્રિલિયન થઈ ગઈ છે. આ દરમ્યાન પરિવારોનું દેવું વધ્યું છે. નાણાકીય જવાબદારીઓના સંદર્ભમાં ઘરગથ્થુ દેવું FY23માં GDPના ૩૭.૬% સુધી વધ્યું હતું, જે FY22માં ૩૬.૯% હતું. આ દબાણો અને ઉચ્ચ ફુગાવા વચ્ચે કોઈ વેતનમાં વધારો થયો નથી. ઉચ્ચ ફુગાવાના સમયે છેલ્લા આઠ વર્ષમાં અખિલ ભારતીય સ્તરે વાસ્તવિક વેતનમાં કોઈ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી નથી. હેલ્થકેર અને એજ્યુકેશનનો ખર્ચ વધી રહ્યો છે, જેમાંથી મોટાભાગનો ખર્ચ ખાનગી રીતે ઉઠાવવો પડે છે. ૨૦૨૧માં ભારતનો તબીબી ફુગાવો ૧૨% હતો, જે એશિયાના તમામ દેશોમાં સૌથી વધુ છે. પાંચ વર્ષમાં સારવારનો ખર્ચ બમણો થયો છે. આ ઉપરાંત શિક્ષણનો ફુગાવાનો દર પણ ૧૧-૧૨%ના દરે નોંધપાત્ર રીતે ઊંચો રહ્યો છે. આવા સંજોગોમાં એવું જણાય છે કે, ફુગાવા વચ્ચે ઘરની આવકમાં ઘટાડો અથવા સ્થિરતા એ સંભવતઃ ઓછી બચત અને વધુ ઉધારનું મુખ્ય કારણ છે. ઘરગથ્થુ અસ્કયામતો અને જવાબદારી ઉપરના તાજેતરના આરબીઆઈ ડેટા અર્થતંત્રની તાત્કાલિક વૃદ્ધિની સંભાવના વિશે ચિંતા પેદા કરે છે. ખાનગી વપરાશથી વૃદ્ધિને ટેકો અપેક્ષિત કરતાં નબળો હોઈ શકે છે. મોતીલાલ ઓસ્વાલના અર્થશાસ્ત્રી નિખિલ ગુપ્તાએ જણાવ્યું હતું કે, નબળી આવક વૃદ્ધિ અને ઋણને કારણે ઘટતી નાણાકીય બચતનું સંયોજન બિનટકાઉ છે. અમે માનીએ છીએ કે વપરાશ વૃદ્ધિ ટકાઉ નથી.

# Aditya-L1 પૃથ્વીને અલવિદા કહીને ૧૫ લાખ કિ.મી.ની યાત્રાએ રવાના



નવી દિલ્હી, તા.૨૨

ભારતીય અંતરિક્ષ એજન્સી ઈસરો દ્વારા સૂર્ય ઉપર રિસર્ચ કરવા માટે મોકલવામાં આવેલું આદિત્ય એલ ૧ હવે પૃથ્વીની કક્ષામાંથી બહાર નીકળી ગયું છે. આદિત્ય એલ૧ હવે પોતાની યાત્રાના અંતિમ પડાવ માટે નીકળી ચૂક્યું છે. જે પૃથ્વીથી લગભગ ૧૫ લાખ કિલોમીટરના અંતરે છે. એટલે કે આદિત્ય એલ૧ નિર્ધારિત પ્રક્રિયા હેઠળ ધરતીના ગુરુત્વાકર્ષણના પ્રભાવથી આગળ નીકળી ગયું અને પછી પૃથ્વી સૂર્ય પ્રણાલીમાં લેગ્રેન્જ પોઈન્ટ ૧ ઉપર પહોંચવા માટે પોતાની ચાર મહિનાની યાત્રા શરૂ કરી દીધી છે. આ જાણકારી ઈસરોએ ટ્વીટ કરીને આપી છે. અત્રે જણાવવાનું કે આ લેગ્રેન્જ પોઈન્ટ પૃથ્વીથી લગભગ ૧૫ લાખ કિલોમીટર દૂર છે. અંતરિક્ષ યાન આદિત્ય એલ૧એ પૃથ્વી તરફની ચાર ગતિવિધિઓને સફળતા પૂર્વક પૂરી કરી છે. એકવાર જ્યારે આદિત્ય એલ૧ લેગ્રેન્જ પોઈન્ટ ઉપર પહોંચી જશે ત્યારે તે એક પ્રભામંડળ કક્ષામાં પ્રવેશ કરશે અને પોતાના મિશનના સમયગાળા દરમ્યાન તે ત્યાં રહેશે. લેગ્રેન્જ પોઈન્ટ જેનું નામ પ્રસિદ્ધ ઈટાલિયન-ફ્રાન્સિસ ગણિતશાસ્ત્રી જોસેફ લઈ લેગ્રેન્જના નામ ઉપર રખાયું છે. આદિત્ય એલ૧એ હાલ સાયન્ટિફિક ડેટા ભેગા કરવાનું શરૂ કરી દીધુ છે. ગત ૨ સપ્ટેમ્બરે ઈસરોએ પીએસએલવી-સીપ૭ રોકેટથી આદિત્ય એલ૧નું લોન્ચિંગ કર્યું હતું. જેને પૃથ્વીથી ૧૫ લાખ કિલોમીટર દૂર લેગ્રેજિયન પોઈન્ટ ૧ ઉપર પ્રભામંડળ કક્ષામાં સ્થાપિત કરવામાં આવશે. હાલમાં ઈસરોએ ટ્વીટ કરીને કહ્યું હતું કે આદિત્યમાં લાગેલા ઉપકરણ સુપ્રા થર્મલ એનર્જેટિક પાર્ટિકલ સ્પેક્ટ્રોમીટર (સ્પેસ)ના સેન્સરે સુપર થર્મલ અને ઉર્જાવાન આયનો અને ઈલેકટ્રાનોને માપવાનું શરૂ કરી દીધુ છે. તેને ૧૦ સપ્ટેમ્બરે પૃથ્વીથી ૫૦ હજાર કિલોમીટરથી વધુ અંતરે સક્રિય કરાયું હતું. અત્રે જણાવવાનું કે આદિત્ય એલ૧ સૂર્યનો અભ્યાસ કરનારૂ પહેલું ભારતીય અંતરિક્ષ મિશન છે.

# પ્રોજેક્ટ ચિત્તાના ૧ વર્ષનું રિપોર્ટ કાર્ડ : ૯ મોટા ચિત્તાઓના મૃત્યુ થયા છે અને ૧૫ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવામાં સફળ રહ્યા છે

નવી દિલ્હી તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ તેમના પોતાના જન્મદિવસ પર મધ્ય પ્રદેશના કુનો નેશનલ પાર્ક (KNP)માં આઠ નામિબિયન ચિત્તાઓ લાવવામાં આવ્યા હતા. ૧૮ ફેબ્રુઆરીના રોજ દક્ષિણ આફ્રિકાથી વધુ ૧૨ ચિત્તા લાવવામાં આવ્યા હતા, વિશ્વની સૌથી ઝડપી દોડતા કુલ ૨૦ ચિત્તાઓને કુનોમાં લઈ જવામાં આવ્યા હતા જેનો હેતુ તેઓને ભારતમાં જંગલમાં પ્રજનન કરવાની મંજૂરી આપવાનો હતો. આયોજનાને પ્રથમ સફળતા મળી હતી અને નામીબિયન માદા ચિત્તા સિયાયાએ આ વર્ષે માર્ચમાં ચાર બચ્ચાને જન્મ આપ્યો હતો. જોકે, મે મહિનામાં હીટસ્ટ્રોક અને કુપોષણના કારણે ચારમાંથી ત્રણ બચ્ચા મૃત્યુ પામ્યા હતા. કુનોના અધિકારીઓ કહે છે કે એક માત્ર જીવિત ચિત્તાનું બચ્ચું હવે સ્વસ્થ છે. કુનો ઓથોરિટીએ તાજેતરમાં સત્તાવાર સંદેશાવ્યવહાર દ્વારા જણાવ્યું હતું કે, ‘તેની માતાની નિકટતામાં ૧૦૦ દિવસથી વધુ સમયપસાર કર્યા પછી, બચ્ચાએ નોંધપાત્ર જીવનશક્તિ દર્શાવી છે, સતત વજન વધાર્યું છે અને પ્રમાણભૂત વૃદ્ધિના માર્ગને અનુસર્યું છે. ભારતની ધરતી ઉપર જન્મેલા આ યુવાન ચિતા દેશમાં ચિત્તા સંરક્ષણ માટે ઉજજવળ ભવિષ્ય દર્શાવે છે. જો કે, આ પ્રોજેક્ટમાં એક પછી એક ખરાબ સમાચાર પણ જોવા મળ્યા હતા, કારણ કે એક પછી એક, ઘણા ચિત્તાઓ મૃત્યુ પામ્યા હતા, જે સંભવિતતા અને યોગ્ય દેખરેખ ઉપર આશંકા ઉભી કરે છે. માર્ચ અને ઓગસ્ટ વચ્ચે ત્રણ બચ્ચા સહિત કુલ નવ ચિત્તાના મોત થયા છે. ૨૭ માર્ચના રોજ નામીબિયન માદા ચિત્તા શાશાએ કિડની સંબંધિત બિમારીથી મૃત્યુ પામી ત્યારે આ પ્રોજેક્ટને પ્રથમ આંચકો લાગ્યો હતો. બે નર આફ્રિકન ચિત્તા, ઉદય અને દક્ષા, અનુક્રમે ૧૩ એપ્રિલ અને ૯ મેના રોજ મૃત્યુ પામ્યા હતા. જુલાઈમાં એક અઠવાડિયાના ગાળામાં વધુ બે નર ચિત્તા, તેજસ અને સૂરજનું મૃત્યુ થયું હતું. નામીબિયન માદા ચિત્તા ધાત્રી ૨ ઓગસ્ટના રોજ મૃત હાલતમાં મળી આવી હતી. પ્રોજેક્ટ ચિતાની પ્રથમ વર્ષગાંઠની પૂર્વસંધ્યાએ, કુનો સત્તાધિકારીએ ‘સફળતાની વાર્તા’નો એક વિડિયો બહાર પાડ્યો છે અને તેઓની દેખરેખ રાખવા માટે તૈનાત વન રક્ષકોના પ્રયત્નોની પ્રશંસા કરતા કહ્યું કે, તે અદભુત છે કારણ કે અમ ચિત્તાના અવિશ્વસનીય પુનઃપ્રાપ્તિના એક વર્ષને ચિહ્નિત કરવા માટે તૈયાર છીએ, ઈકોસિસ્ટમને પુર્નઃજીવીત કરવાથી લઈને સ્થાનિક સમુદાયોને પ્રેરણા આપવા સુધીની અસર આશ્ચર્યજનક રહી છે. જો સત્તાવાળાઓ યોજના મુજબ આગળ વધવાનું ચાલુ રાખે તો, મધ્યપ્રદેશમાં વધુ બે આવાસ ગાંધી સાગર વન્યજીવ અભય અને નૌરાદેહી વન્યજીવ અભયારણ્યમાં ચિત્તા રાખવામા આવશે. પર્યાવરણ મંત્રાલયના અધિક વન મહાનિદેશકે તાજેતરમાં મીડિયાને જણાવ્યું હતું કે ચિત્તાઓની આગામી બેચ દક્ષિણ આફ્રિકાથી આયાત કરવામાં આવશે અને આ વર્ષના અંત સુધી મધ્યપ્રદેશના ગાંધી સાગર વન્યજીવ અભયારણ્યમાં મૂકવામાં આવશે.



# જૂનાગઢ મનપામાં ગાર્બેજ કલેકશનમાં મોટો ભ્રષ્ટાચાર થતો હોવાનો આક્ષેપ

## પ્લાસ્ટીક થેલી, ઝબલા ઉપર પ્રતિબંધ છે તેમ છતાં મોટી માત્રામાં કચરો કયાંથી આવે છે? ઉઠતો સવાલ

જૂનાગઢતા. ૨૨

જૂનાગઢ મનપાના વોર્ડનં.૬ના કોર્પોરેટર લલીતભાઈ પણસારાએ મનપાના કમિશ્નરને એક પત્ર પાઠવીને રજુઆત કરતા જણાવ્યું છે કે, છેલ્લા ઘણાં વર્ષોથી ગાર્બેજ કલેકશનમાં ખુબ મોટો ભ્રષ્ટાચાર થઈ રહયો છે અને છેલ્લે નીચે મુજબ જણાવ્યા વર્ષોમાં તો ગાર્બેજ કલેકશનમાં ૧૦ કરોડની ઉપરનો ખર્ચથઈ રહયો છે. અવાર-નવાર માટી, પથ્થર અને કસ્તર કચરા સાથે ઉમેરી ભ્રષ્ટાચાર કરવામાં આવી રહયો હોવાનો આક્ષેપ કરેલ છે. ટેકસ ભરતી જનતા ઉપર દર વર્ષે બજેટમાં યુઝર ચાર્જના નામે કમ્મરતોડ વેરો વધારવામાં આવી રહયો છે. પરંતુ જો આ ભ્રષ્ટાચાર બંધ કરવામાં આવે તો જનતા ઉપર જે ટેકસ વધારવામાં આવી રહયો છે તેમાં કાપ મુકાશે. છેલ્લા વર્ષના આંકડા જોઈએ તો ૨૦૧૬-૧૭ માં ૪,૬૨,૩૧૫૦૪, ૨૦૧૭-૧૮માં ૫,૫૦,૯૪,૬૮૩, ૨૦૧૮-૧૯ માં ૬,૦૬,૬૯,૯૮૪, ૨૦૧૯-૨૦માં ૬,૫૫,૪૯,૩૦૨, ૨૦૨૧-૨૨ માં૯,૯૯,૫૦,૬૫૦ જેટલો ખર્ચ થયો છે. આ વર્ષવાઈઝ ખર્ચ ઉપરથી ખ્યાલ આવશે કે જૂનાગઢની વસ્તી અને વિસ્તાર જેટલો છે એટલો જ છે પરંતુ ગાર્બેજ કલેકશન બીલનું ખર્ચ ડબલ થતું જાય છે. મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટીક થેલી-ઝભલા ઉપર પ્રતિબંધ છે તેથી તેનો ઉપયોગ નહિવત થઈ ગયું છે. પ્લાસ્ટીક કચરામાં ઘણો કાપ આવેલ છે છતાં આટલી મોટી માત્રામાં કચરો કયાંથી આવે છે? તે મોટો પ્રશ્ન છે અને તેની તપાસ કરવાની પણ માંગણી કરી છે. અંતમાં જૂનાગઢની સામાન્ય જનતાના હિતમાં પારદર્શક વહીવટ થાય અને લોકો ઉપર કરબોજ ન નાખવો પડે તેવી વ્યવસ્થા કરવા લલિતભાઈ પણસારાએ અંતમાં જણાવેલ છે.

# જૂનાગઢ જીલ્લા સહકારી ખરીદ વેંચાણ સંઘ લી.ની ૬૪મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ


જૂનાગઢતા. ૨૨

જૂનાગઢ જીલ્લા સહકારી ખરીદ વેંચાણ સંઘ લી.ની ૬૪મી વાર્ષિક સાધારણ સભા તા.૧૮-૯-૨૩ ને સોમવારના રોજ દોમડીયા વાડી ભુતનાથ મંદિર પાસે, જૂનાગઢ ખાતે મળેલ હતી. જેમાં સંસ્થાના પ્રમુખ લક્ષ્મણભાઈ યાદવે સંસ્થાનો પ્રગતિ અહેવાલની સંસ્થાના હાજર રહેલા સભાસદોને વિસ્તૃત માહિતી આપી હતી. સંસ્થાએસને ૨૦૨૨-૨૩ના વર્ષમાં ચોખ્ખો નફો રૂા.૪૩,૩૪,૮૭૦.૦૮ કરેલ તેમજ સંસ્થાએ ૧૫ ટકા જેવું ડીવીડન્ડ આપેલ. સંસ્થાના કુલ ૮૩૧ સભાસદોને પ્રોત્સાહિત ભેટ આપેલ હતી. સંસ્થા દિન પ્રતિદિન ખુબજ સારી પ્રગતિ કરી રહેલ છે. સંસ્થા પોતાના જ ભંડોળમાંથી તમામ જાતના બિઝનેશ કરે છે. કોઈપણ જાતની લોન લીધા વગર સંસ્થાના પ્રમુખ સાથી તમામ ડીરેકટરોનો સાથ અને સહકાર બદલ આભાર વ્યકત કરેલ હતો. ઈફકો કંપની તરફથી તેઓના અધિકારીનો આધુનિક ઓર્ગેનીક ખેતી વિષે માહિતી આપેલતે બદલ તેઓનો પણ આભાર માનેલ હતો.

ગુજરાત રાજયના માજી મંત્રીઓ, જૂનાગઢ જીલ્લા સહકારી બેંકના માજી પ્રમુખ તેમજ સંસ્થાના સિનીયર ડીરેકટર જશાભાઈ બારડે સંસ્થાની આર્થિકપરિસ્થિતીના પ્રગતિ વિષે ખુબજ છણાવટથી માહિતી આપેલ હતી. આ સંસ્થાને પાયાથી ઉભી કરનાર માજી પ્રમુખ સ્વ.લીલાભાઈ ખુંટીના યોગદાનને યાદ કરી તેઓનો પણ આભાર વ્યકત કરવામાં આવેલ હતો.

સભાની શરૂઆતમાં સંસ્થાના સિનીયર ડીરેકટર તથા જૂનાગઢ જીલ્લા સહકારી બેંક લી.ના ઉપપ્રમુખ મનુભાઈ ખુંટીએ સ્વાગત પ્રવચન કરી સંસ્થાની પ્રગતિ વિષે છણાવટથી વિગતો રજુ કરેલ હતી તેમજ મિટીંગમાં પધારેલ તમામ સભાસદો તથા પદાધિકારીઓનો આવકારી સ્વાગત કરેલ હતું. સભાનું સંચાલન સંસ્થાના મેનેજર પ્રવિણભાઈ પોપટ તથા સ્ટાફની ટીમે કર્યુ હતું.

# માંગરોળની ગાયત્રીનગર સોસાયટીમાં થઈ રહેલ ગણેશોત્સવની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા. ૨૨

માંગરોળ ટાવર ગ્રાઉન્ડ પાસે આવેલા ગાયત્રીનગર સોસાયટીમાં રાજુભાઈ દામજીભાઈ વાઘેલા કે જેઓ વ્યવસાયે ધોબી કામ કરે છે. તેઓ છેલ્લા ૬ વર્ષથી પોતાના ઘરે ગણપતિ બાપની પધરામણી કરે છે. અને રોજ સાંજે ૭:૩૦ કલાકે ઘરના સભ્યો તેમજ સોસાયટીના ભાવીક ભક્તો બાપાની આરતી કરે છે. તેમજ મહારાષ્ટ્રની પરંપરા મુજબ દર વર્ષે અવનવા રથનો શણગાર કરી પુષ્પવર્ષા કરી બાપાના વધામણાં કરે છે. આવા શુભ કાર્યોમાં પરીવારજનો તેમજ સોસાયટીના દરેક વ્યકિતઓ પણ સાથ દિલથી સહકાર આપે છે અને હર્ષોઉલ્લાસ સાથે વિઘ્નહર્તા દાર્દનો તહેવાર શ્રધ્ધા પૂર્વક ઉજવે છે.

# એનડીઆરએફ ટીમ દ્વારા એમ. જે. સ્વામિનારાયણ હાઈસ્કુલ પ્રભાસ પાટણ ખાતે આપત્તિ વ્યવસ્થાપન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(મીનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૨

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળતાલુકાના પ્રભાસ પાટણ ગામની એમ.જે.સ્વામિનારાયણ હાઈસ્કૂલમાં તા.૨૧ સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૦૦ વાગ્યે આપત્તિ વ્યવસ્થાપન જાગૃતતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં એનડીઆરએફ ટીમનાં ઈન્સ્પેકટર મનજીતસર તેમજ એનડીઆરએફની સમગ્ર ટીમ, શ્રી ધર્મભકિત જિલ્લા લોક કેન્દ્ર ગીર સોમનાથ કો-ઓર્ડીનેટર નરેશભાઈ એન. ગુંદરણીયા, શાળાનાં આચાર્ય દિનેશભાઈ રામાણી અને શાળાનો સમગ્ર સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતા.

આજના કાર્યક્રમની માહિતી આપતા એચ. કે.ગજેરાએ જણાવેલ કે ભારતના અન્યઘણા રાજ્યોની જેમ ગુજરાત પણ વિવિધ પ્રકારના જળ-હવામાન સંબંધી સંકટો, ભૂસ્તરીયસંકટો, ઔદ્યોગિક, માનવસર્જિત અને જૈવિક સંકટો માટે સંવેદનશીલ છે.આ વિવિધ પ્રકારના સંકટોમાં ભૂકંપ, પૂર, દુષ્કાળ, વાવાઝોડુ, ગરમ હવામાન (હીટવેવ), રસાયણો, પરિવહન/ માર્ગ અકસ્માતો, રોગચાળો વગેરેનો સમાવેશ થાય છે. તો આ જ આપત્તિ વ્યવસ્થાપનના ભાગરૂપે ધરતીકંપ, સુનામી, પુર, વાવાઝોડું, આગ લાગવી અને અકસ્માત વખતે પ્રાથમિક સારવાર કઈરીતે કરવી અનેકઈ રીતે બચાવ કરવો જે અંગેની વિસ્તૃત માહિતી માટે એનડીઆરએફ ટીમ દ્વારા આજના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. એનડીઆરએફ ટીમનાં ઈન્સ્પેકટર મનજીતસર દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિ અને આપત્તિમાં કયા પ્રકારની કાળજી રાખવી, એનડીઆરએફની સમગ્ર ટીમ અને વિદ્યાર્થીઓની મદદથી ડેમો દ્વારા આ અંગેની ઉપયોગી સમજ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી તેમજ તેમના દ્વારા સ્ટેજ ફોબિયા, સેલ્ફ કોન્ફીડન્સ સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમની આભારવિધિ કરતાં બી.આર.ખેર એ જણાવેલ કે પુસ્તકના જ્ઞાન કરતા બાળકોએ નિહાળેલુંવધારે ગ્રહણ કરે છે.એ અનુભવે બધા વિદ્યાર્થીઓ એ કાર્યક્રમમાં ભાગ લઈ આપત્તિઓ વિષે અને આપત્તિ વ્યવસ્થાપન વિષે શીખ મેળવી હતી. કાર્યક્રમ દરમ્યાન શાળાના વિદ્યાર્થીઓની સલામતીને તથા આપણી આસપાસના વસવાટ અને રહેઠાણની સલામતી અંગેસમજ મેળવી છે. જેબદલ આ તકે હાજર રહેલ એનડીઆરએફ ટીમનો આભાર વ્યક્ત કરવામાં આવે છે.

# વરસાદી વાતાવરણ હોય, ડામર રોડનું કામ ન કરવા મનપા કમિશ્નરને રજુઆત

જૂનાગઢ તા. ૨૨

જૂનાગઢ મનપાના વોર્ડ નં.૪ના કોર્પોરેટર મંજુલાબેન પરસાણાએ કમિશ્નરશ્રીને એક પત્ર પાઠવી રજુઆત કરતા જણાવેલ છે કે, હાલમાં નગરપાલિકા જૂનાગઢ દ્વારા મુખ્યમંત્રીશ્રી આવતા હોય અને તેનો લઈનો રોડ-રસ્તા બનાવવાનું આયોજન કરવામાં આવી રહયું છે. હાલ વરસાદી માહોલ જામ્યો છે અને ડામરના કામ ચાલુ હોય, વરસાદ આવશે તો લોકોએ ભરેલા ટેકસના નાણાનો વ્યય થશે. આ ઉપરાંત ભુગર્ભ ગટર, પાણીની લાઈનો, ગેસની લાઈનો વગેરે કામગીરી પણ અધુરી હોય તો તે પુર્ણ થયા બાદ જ નવા ડામર રોડની કામગીરી કરવી, માત્ર મુખ્યમંત્રીશ્રી સમક્ષ સારૂ દેખાડવા માટે આ રસ્તાની કામગીરી કરવાથી લાખો-કરોડો રૂપિયાના ખર્ચ એડે જશે અને રોડ ફરી પાછા તુટી જશે. અને કોઈપણ જાતની ઉતાવળ કર્યા વગર હાલ મેટલ નાખીનો કામચલાઉ રસ્તા રીપેર કરવા જોઈએ અને ઉપરોકત રસ્તાના ખોદકામનો લગત તમામ કામગીરી પુર્ણ થયા બાદ જ નવા રસ્તાઓ બનાવવા પત્રના અંતે વિનંતી કરી છે.

# મારવાડી યુનિવર્સિટી ખાતે ગણપતિ ઉત્સવની થઈ રહેલી ઉજવણી



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૨

અત્યારે પુરજોશથિ ચાલી રહેલો ગણપતિ મહોત્સવ જેની ઉજવણી ખુબજ ભક્તિભાવથી થઈ રહી છે. આ માહોલમાં ખુબજ લાગણી અને શ્રદ્ધાથી મારવાડી યુનિવર્સિટીના હોસ્ટેલ ઈવેન્ટ્સ કમિટીના વિદ્યાર્થીઓ પણ એક ભવ્ય ઉત્સવ સાથે જોડાયા છે. યુનિવર્સિટીના પ્રાંગણમાં મારવાડી કા રાજા- ગણેશજીની એક આહલાદક મૂર્તિનુંસ્થાપન મંગળવારના રોજ ગીતો અને ગુલાલના હર્ષોલાસથી કરવામાં આવ્યું છે. આ વખતએ ડેકોરેશન થીમમાં ભારતના ચંદ્રયાન-૩ની સફળતાને બિરદાવવા એક સેટેલાઈટના મોડલસાથે વિવિધતા દર્શાવવમાં આવી છે જેમાં ભારતના રાષ્ટ્રધ્વજના રંગોને પણ ખુબજ સુંદરતાથી આવરી લેવામાં આવ્યા છે. આવા વિવિધ મોડર્ન તથા ટ્રેડિશનલ ડેકોરેશનસાથે ૫ દિવસ સુધી બધા વિદ્યાર્થીઓ ગણપતિનું આરાધના કરશે અને વિવિધ કલ્ચરલ ઈવેન્ટ પણ યોજશે.

## સોશિયલ મીડિયા કંપનીના માલિક ભારત પર આફ્રિન

# ભારતના લોકો અને કંપનીઓ ટેકનોલોજી અપનાવવામાં સૌથી આગળઃ માર્ક ઝકરબર્ગ

નવી દિલ્હી, તા.૨૨

વિશ્વની સૌથી મોટી સોશિયલમીડિયા કંપનીમેટાના માલિક માર્ક ઝકરબર્ગ વર્ષોથી ભારતના આફરીન છે. કેમ ન પણ હોય ? કોઈપણ કંપની માટે વિશ્વનું સૌથી મોટું બજાર, ભારતમાં ધંધો ચલાવવો હોયતો ભારતને કેન્દ્ર સ્થાને રાખવું આવશ્યક જ છે. ફરી એક વખત ભારતના વખાણ કરતા માર્કે ભારતને વિશ્વ નેતા ગણાવ્યું છે. તેમણે કહ્યું કે ભારતના લોકો અને કંપનીઓ ટેકનોલોજી અપનાવવામાં સૌથી આગળ છે. મેટાનો જ એક ભાગ, મેસેજિંગ પ્લેટફોર્મ વોટ્સએપે બુધવારે એક ઈવેન્ટમાં પેમેન્ટ સોલ્યુશન્સ અને અન્ય ઘણા ફીચર્સલોન્ચ કર્યા હતા. સીઈઓ માર્ક ઝકરબર્ગે મુંબઈમાં આયોજિત વોટ્સએપ કાર્યક્રમને વર્ચ્યુઅલ સંબોધિત કરતા માર્કે ભારતના વખાણ કર્યા હતા. તેમણે ભારતના ડિજિટલ પેમેન્ટ સ્વીકૃતિની ભરપેટ પ્રશંસા કરી હતી. ભારતના લોકો અને ભારતીય કંપનીઓ ટેકનોલોજી અપનાવવામાં સૌથી આગળ છે. લોકો અને કંપનીઓ વિવિધ કાર્યોને પૂર્ણ કરવા માટે મેસેજિંગનો ઉપયોગ કેવી રીતે કરી શકે છે તેમાં પણ ભારત વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે.બુધવારે વ્હોટ્સએપએ પેયુ અને રોઝોરપે સાથે હાથ મિલાવ્યા છે.

આ જોડાણ સાથે વોટ્સએપ યુઝર્સને ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, નેટ બેંકિંગ, યુપીઆઈ એપ વગેરે દ્વારા પેમેન્ટ કરવાની સુવિધા મળશે. આ સિવાય માર્ક ઝકરબર્ગે વ્હોટ્સએપ પર બિઝનેસ માટે વેરિફિકેશનની સુવિધા શરૂ કરી હતી. તેમણે કહ્યું કે, ઘણી ભારતીયકંપનીઓ ગ્રાહકો અસલી અને નકલીને ઓળખી શકે તે માટે અમારી પાસેથી આ વેરિફિકેશન સર્વિસની માંગ કરી રહી હતી, જેને અમે આજે પૂર્ણ કરી રહ્યાં છીએ.આ કાર્યક્રમ દરમિયાન માર્ક ઝકરબર્ગે વોટ્સએપ ફ્લોઝ નામનું નવું ફીચર પણ રજૂ કર્યુ હતું. આ ફીચર કંપનીઓને ચેટને કસ્ટમાઈઝ અને પર્સનલાઈઝ કરવાની મંજૂરી આપશે. ઝકરબર્ગે એક ઉદાહરણ આપીને આ ફીચર વિશે સમજ આપી હતી. ધારો કે કોઈ બેંક છે, તો આ સુવિધા દ્વારા તે ગ્રાહકોને બેંક ખાતું ખોલવાની અથવા ચેટ દ્વારા જ તેની અન્ય કોઈપણ સેવાઓનો લાભ લેવાની સુવિધા પ્રદાન કરી શકે છે. એ જ રીતે, એરલાઈન્સ ટિકિટ બુક કરવાની સુવિધા આપી શકે છે. આમાં, ગ્રાહકો ચેટ છોડ્યા વિના સેવાનો લાભ લઈ શકશે.

## અમિતાભ બચ્ચનની ૮૦ વર્ષની ઉંમરમાં પણ ડિમાન્ડ છે

# ૭૦થી વધુ ઉંમરના આ સ્ટાર્સ બોલિવૂડ ઉપર આજે પણ કરે છે રાજ





મુંબઈ તા. ૨૨

બોલિવુડની દુનિયામાં ટકી રહેવું દરેકની પહોંચમાં નથી. પોતાના અભિનય સિવાય સ્ટાર્સે પોતાના લુક અને ફિટનેસ પર પણ ખાસ ધ્યાન આપવું પડે છે. તે જ સમયે, ઈન્ડસ્ટ્રી વિશે એવું કહેવામાં આવે છે કે ફકત યુવાનો જ તેમાં અજાયબીઓ કરી શકે છે અને જેમ જેમ તેમની ઉંમર વધે છે તેમ તેમ તેમને કામ મળતું બંધ થઈ જાય છે. જો કે કેટલાક સ્ટાર્સે આ વાતને ખોટી સાબિત કરી છે. બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના હીમેન ધર્મેન્દ્ર ૮૭ વર્ષના થઈ ગયા છે. આમ છતાં પણ તે સ્ક્રીન પર જાદુ ફેલાવતા જોવા મળે છે. અભિનેતા ગેસ્ટ તરીકે હાજર રહીને ઘણા રિયાલિટી શોમાં ભાગ લેતો જોવા મળે છે. ફરી એકવાર મોટા પડદા પર ધમાલ મચાવી છે. ધર્મેન્દ્ર આલિયા ભટ્ટ અને રણવીર સિંહ સ્ટારર ફિલ્મ 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'માં જોવા મળ્યા હતા. સદીના મેગાસ્ટાર અમિતાભ બચ્ચનની ૮૦ વર્ષની ઉંમરમાં પણ ખૂબ જ ડિમાન્ડ છે. અભિનેતા ટેલિવિઝનના સૌથી લોકપ્રિય ક્વિઝ રિયાલિટી શો 'કૌન બનેગા કરોડપતિ'ની ફ્રેન્ચાઈઝીહોસ્ટ કરે છે. આ સાથે તે ઘણી જાહેરાત અને ફિલ્મોમાં પણ પોતાનો ચાર્મ ફેલાવી રહ્યા છે. અમિતાભ આગામી દિવસોમાં ફિલ્મ 'પ્રોજેક્ટ કે'માં જોવા મળશે. આ સિવાય તેની પાસે બીજી કેટલીક શાનદાર ફિલ્મો પણ છે. મિથુન ચક્રવર્તી ૭૩ વર્ષના થઈ ગયા છે. આ ઉંમરે પણ અભિનેતા પોતાની શાનદાર અભિનયથી દર્શકોના દિલ જીતી રહ્યા છે. ઘણા ડાન્સ રિયાલિટી શોને જજ કર્યા બાદ મિથુન હાલમાં જ ફિલ્મ 'ધ કાશ્મીર ફાઈલ્સ'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં તેની એક્ટિંગને ખૂબ પસંદ કરવામાં આવી હતી. તેમજ ટીકાકારોએ પણ મિથુનના ખૂબ વખાણ કર્યા હતા. બોલિવૂડ એક્ટર નસીરુદ્દીન શાહ એક સમયે આર્ટ ફિલ્મોના બાદશાહ હતા. અભિનેતા ૭૩ વર્ષના થઈ ગયા છે, તેમ છતાં તે હજી પણ સ્ક્રીન પર ધમાલ મચાવતો જોવા મળે છે. નસીરુદ્દીને ઘણી કોમર્શિયલ ફિલ્મોમાં પણ કામ કર્યુ છે. નસીરુદ્દીને ૫૦ વર્ષની ઉંમર પછી અભિનયમાં વધુ રસ દર્શાવ્યો. આ જ કારણ છે કે આજે પણ તેની ફિલ્મોની ખૂબ માંગ છે, અને ચાહકો તેને પડદા પર જોવાનું પસંદ કરે છે.

# ૫૦ લાખમાં બનેલી આ હોરર ફિલ્મે ૨૦ અબજ રૂપિયાની કરી હતી કમાણી

મુંબઈ, તા.૨૨

દુનિયાભરમાં ઘણી હોરર ફિલ્મો બને છે જે વાર્તાની સાથે ખૂબ જ ડરામણી હોય છે. બોલિવૂડથી લઈને હોલિવૂડ સુધી ઘણી એવી ફિલ્મો આવી છે જે જોઈને તમને પરસેવો છૂટી જશે. હોલીવુડની 'ધ કોન્જુરિંગ' હોય કે 'એનાબેલ'... આ ફિલ્મો જોયા પછી તમારી રાતોની ઊંઘ હરામ થઈ જશે. ઘણીવાર જોવા મળે છે કે આવી ફિલ્મોનું બજેટ ઘણું વધારે હોય છે. પરંતુ આજે અમે તમને એક એવી હોરર ફિલ્મ વિશે જણાવીશું જે ખૂબ જ ઓછા બજેટમાં બની છે અને બોકસ ઓફિસ પર અબજોની કમાણી કરી છે. આ ફિલ્મનું નામ છે 'ધ બ્લેર વિચ પ્રોજેક્ટ', જે વર્ષ ૧૯૯૯માં રિલીઝ થઈ હતી. આ હોન્ટેડ ફિલ્મનું નિર્દેશન ડેનિયલ મિરિક અને એડ્યુઆર્ડો સાંચેઝ દ્વારા કરવામાં આવ્યું હતું. દાવો કરવામાં આવે છે કે આ ફિલ્મને એકલી જોતી વખતે ઘણા લોકોને પરસેવો છૂટી ગયો હતો.આ ફિલ્મમાં માઈકલ વિલિયમ્સ, જોશુઆ લિયોનાર્ડ અને હીથર ડોનાહ્યુ મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મમાં ત્રણ યુવાન છોકરાઓની વાર્તા બતાવવામાં આવી છે, જેઓ એક પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. એક દિવસ, પ્રોજેક્ટની તપાસ કરતી વખતે, આ ત્રણ છોકરાઓ અચાનક ગાયબ થઈ જાય છે. તેના ગુમ થયાના એક વર્ષ બાદ તેમનો કેમેરો મળી આવે છે. આ પછી ખબર પડે છે કે આ ત્રણ છોકરાઓનું શું થયું. ખાસ વાત એ છે કે ૪૯ લાખ રૂપિયામાં બનેલી આ ફિલ્મે ૨૦ અબજ રૂપિયાની






કમાણી કરી હતી. આ ફિલ્મનું શૂટિંગ માત્ર ૮ દિવસમાં પૂર્ણ થયું હતું. બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી જોઈને બધા ચોંકી ગયા. તો જો તમે હજુ સુધી આ આઈકોનિક ફિલ્મ જોઈ નથી, તો આજે જ તમારા મિત્રો સાથે જુઓ. આ ફિલ્મ તમે **Amazon Prime Video** પર જોઈ શકો છો.

# કોડીનાર તાલુકા પંચાયતના પ્રમુખે પદભાર સંભાળ્યાના ગણતરીના કલાકોમાં જ રાજીનામું ધરી દેતાં રાજકીય ગરમાવો

**તા.પં. ના સુત્રધારોની વરણીમાં ભાજપની "નો રીપીટ" થિયરીનો ભંગ થતા મોવડીઓ દ્વારા રાજીનામું લઈ લીધાની ચર્ચા**

**ભાજપદ્વારા જાહેર કરાયેલા કારોબારી અધ્યક્ષ ની નિયુક્તિ માંપણ ફેરફારની સંભાવના**






(રાકેશપરડવા દ્વારા)

વેરાવળ,તા.૨૨

તાજેતરમાં ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકા પંચાયતના પ્રમુખએ પદભાર સંભળ્યાના ગણતરીના દિવસોમાં જ રાજીનામું આપી દેતા રાજકીય ક્ષેત્રે ચકચાર પ્રસરી છે. જો કે, પ્રમુખની વરણીમાં સ્થાનીકસ્તરે ભાજપની "નો રીપીટ" થિયરીનો ભંગ થયો હોવાથી મોવડીમંડળએ રાજીનામુ લઈ લીધાની રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ થઈ રહી છે.

તાજેતરમાં રાજયની સ્વરાજયની સંસ્થાઓના સુત્રધારોની વરણીમાં સત્તાધારી ભાજપ પક્ષ દ્વારા "નો રીપીટ" થિયરી અપનાવી હતી. જે મુજબ પ્રથમ ટર્મમાં રહેલા હોદેદારોને રીપીટ કરવાની નહીં તેવી નિતી અપનાવી હોવાની જાહેરાત કરી હતી. જો કે રાજ્યમાં મોટાભાગની સંસ્થાઓમાં સુત્રધારોની નિયુક્તીમાં નો રિપીટ મુજબ નવા ચહેરાઓની વરણી થયેલ જોવા મળીહતી.

જો કે, ગીર સોમનાથ જિલ્લાની કોડીનાર તાલુકા પંચાયતના સુત્રધારોની વરણીમાં "નો રીપીટ" થિયરીનો ભંગ થાય તેમુજબ પ્રથમ ટર્મમાં કારોબારી ચેરમેન રહેલ દિપુભાઈ બારડને બીજી ટર્મના પ્રમુખ તરીકે તા.૧૨ સપ્ટે.ના રોજ ભાજપ દ્વારા મેન્ડેટ આપવામાં આવેલ હતો. જેથી દિપુભાઈ બારડ બહુમતિ સાથે પ્રમુખ પદે ચુંટાઈ આવેલ હતા. જો કે, પ્રમુખપદની વરણીના ગણતરી ના કલાકોમાં જ નવનિયુક્ત પ્રમુખ દિપુભાઈ બારડએ રાજીનામું આપી દીધેલ જેને તા.૧૫ના રોજ ડીડીઓએ મંજુર કર્યુ હતુ. અત્રે નોંધનીય છે કે, સુત્ર ધારોની પસંદગીમાં ભાજપની નિતી સ્પષ્ટ હોવા છતાં સ્થાનીક સ્તરે પક્ષમાં રહેલી જૂથબંધીના કારણે નો રિપીટ થિયરીનો ભંગ થાય તેવા હોદેદારોની વરણી થઈ હતી. આ વરણી સંદર્ભે તાલુકા પંચાયત ના ભાજપ ના જ સદસ્યો દ્વારા આ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ ને લેખિત રજુઆત કરી મોવડી મંડળનું ધ્યાન દોરવામાં આવતા તુરંત જ પ્રદેશ કક્ષાએ થી રાજીનામું આપી દેવા આદેશ થયાની ચર્ચા વચ્ચે નવનિયુક્ત પ્રમુખ એ જિલ્લા વિકાસ અધિકારી ને અંગત કારણોસર રાજીનામું આપી દેતા રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ જાગી છે. હાલ તો આ સમગ્ર ઘટનાક્રમને લઈ જિલ્લામાં રાજકીય ગરમાવો શરૂ થયો છે.

તો બીજી તરફ કોડીનાર તાલુકા પંચાયત પ્રમુખ ની નિયુક્તિ માં પાર્ટી ની ચૂક રાજીનામું લઈ સુધારી લેવાઈ છે તો કારોબારી અધ્યક્ષ તરીકે જે નામનું મેન્ડેડ આપવામાં આવ્યું છે તે રંભુબેન વાજા પણ ગત ટર્મ માં ઉપપ્રમુખ રહી ચૂક્યા હોય તેમની નિયુક્તિ માં પણ ફેરફાર થાય તેવું ચર્ચાઈ રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોડીનાર તાલુકા પંચાયત ના કુલ ૨૪ સદસ્યો પૈકી ૧૫ સદસ્યો ભાજપ ના છે૦૮ કોંગ્રેસ અને૦૧ સદસ્ય અપક્ષના વિજેતા થયા છે.

બહુમતિ ભાજપ ના સદસ્યો હોવા છતાં ભાજપ દ્વારા અપક્ષ વિજેતા વિશાલ ગાધેનું ઉપપ્રમુખ પદ માટે મેન્ડેડ જાહેર કર્યું છે જેને લઈ ને પણ સ્થાનિક કક્ષાએ ભાજપ ના જ કાર્યકરો માં અનેક ચર્ચાઓ ચાલી રહી છે.

ગીર સોમનાથ જિલ્લા વિકાસ અધિકારી રવિન્દ્ર ખતાલે એ આ મુદ્દે કરેલ કાર્યાલય આદેશ માં જણાવ્યું છે કે, દિપુભાઈ નારણભાઈ બારડ, પ્રમુખ.તાલુકા પંચાયત કોડીનાર દ્વારા પ્રમુખ પદનું રાજીનામું મંજૂર કરવા અત્રેને તા.૧૫/૦૯/૨૦૨૩ થી આપેલ રાજીનામું આપેલ છે. જે અત્રેને તા.૧૫/૦૯/૨૦૨૩ થી મળેલ છે. મળેલ રાજીનામાના પત્રમાં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપરથી અત્રેથી ખરાઈ કરતા રાજીનામું આપનાર દિપુભાઈ નારણભાઈ બારડ, પ્રમુખ, તાલુકા પંચાયત કોડીનારએ પોતે પોતાના અંગત કારણોસર રાજીનામું આપેલ હોવાનું સ્વીકારી રાજીનામું મંજુર કરવા વિનંતી કરેલ છે.

તાલુકા પંચાયતના પ્રમુખના રાજીનામા અંગે નિર્ણય કરવા ગુ. પં. અધિનિયમ ૧૯૯૩ની કલમ-૬૮(૧) થી આવા અધિકાર જિલ્લા પંચાયતને સુપ્રત થયેલા છે. આ બાબતે જિલ્લા પંચાયત પ્રમુખ સાથે પરામર્શ કરી નિર્ણય કરવા અધિકાર આપેલ હોય દિપુભાઈ નારણભાઈ બારડ, પ્રમુખ તાલુકા પંચાયત કોડીનારના રાજીનામા અંગે પ્રમુખશ્રી સાથે પરામર્શ કરતા નોંધ ઉપર પ્રમુખ જિ.પં.ગીર સોમનાથએ રાજીનામું મંજૂર કરવા અંગેનો નિર્ણય જાહેર કરતા અમોને મળેલ અધિકારની રૂએ દિપુભાઈ નારણભાઈ બારડ, પ્રમુખ, તાલુકા પંચાયત કોડીનારનું પ્રમુખ પદનું રાજીનામું મંજૂર કરવા તેમજ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૬૯ (૨) (ગ) મુજબ ઉપપ્રમુખે પ્રમુખની ચૂંટણી થાય ત્યાં સુધી પ્રમુખની સત્તા વાપરવા અને ફરજો બજાવવા આથી આદેશ કરવામાં આવે છે.

આમ કોડીનાર તાલુકા પંચાયત પ્રમુખે રાજીનામું ધરી દેતાં હાલ ઉપપ્રમુખ ને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પ્રમુખ તરીકે ની સતા સોંપવામાં આવેલ છે. તેમજ આગામી દિવસોમાં કોડીનાર તાલુકા પંચાયતના પ્રમુખ પદ માટે ફરી ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

---

<u>વિનય ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા સતત ૨૬માં વર્ષે અનોખુ આયોજન</u>

# જૂનાગઢમાં મહારાષ્ટ્ર સહિતના પરપ્રાંતના કામદારો માટે ગણેશ સ્થાપના કરાઈ



**દરરોજ સવાર-સાંજ આરતીમાં ભાગ લઈ રહેલા વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, વિસર્જનના દિવસે ભોજન પ્રસાદ વતનથી દુર રહેતા કામદારોની લાગણી સાથે આ ગણપતિ મહોત્સવ જોડાયેલો છે : વિજયભાઈ દોમડિયા**

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ શહેરમાં ધોરાજી રોડ પર આવેલી વિનય ઈન્ડસ્ટ્રીઝમાં સતત ૨૬માં વર્ષે પરપ્રાંતિય કામદારો માટે ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં મહારાષ્ટ્ર, યુપી અને બિહારમાંથી લગભગ ૨૫૦થી વધુ કામદાર પરિવારો રોજગારી મેળવવા માટે આવ્યા છે. આ તમામ પરિવારો ઉત્સાહભેર મહોત્સવમાં ભાગ લઈ રહ્યા છે.

જૂનાગઢ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અને વિનય ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીના માલિક વિજયભાઈ દોમડિયા અને રમેશભાઈ દોમડિયાના માર્ગદર્શન હેઠળ ગણેશ ચતુર્થીના દિવસે બિનાબેન વિજયભાઈ દોમડિયાના હસ્તે ગણપતિ સ્થાપના કરવામાં આવી હતી. આ પ્રસંગે કંપનીના પ્રતિનિધિઓ નરેન્દ્રભાઈ લક્કડ, પંડિતજી, હરિભાઈ શાહ તેમજ સમુહલગ્ન પ્રણેતા અને સમાજસેવક હરસુખભાઈ વઘાસિયા તથા કંપનીના તમામ સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા.

મહોત્સવ અંગે વિજયભાઈ દોમડિયા અને હરસુખભાઈ વઘાસિયાએ વધુમાં વિગતો આપતા જણાવ્યું છે કે, મહારાષ્ટ્ર સહિતના રાજયોમાંથી મોટી સંખ્યામાં કામદારો અહીં કામ કરી રહ્યા છે. વતનથી દુર રહેતા આ કામદારોની લાગણી ગણપતિ મહોત્સવ સાથે જોડાયેલી છે. દરરોજ સવારે અને સાંજે આરતીમાં આ કામદાર પરિવારો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. વિવિધ ક્ષેત્રના આગેવાનો અને અધિકારીઓને આરતીમાં આમંત્રણ અપાય છે. આરતી બાદ પ્રસાદ વિતરણ કરવામાં આવે છે. વિસર્જનના દિવસે સમુહ ભોજન પ્રસાદનું ભવ્ય આયોજન રાખવામાં આવ્યું છે.

---

# ગીર સોમનાથ પોલીસનો લોકદરબાર પોલીસની કામગીરીની પ્રશંસા સમો દરબાર બની ગયો

**જિલ્લાભરના આગેવાનો જિલ્લામાં પોલીસની કામગીરીથી સંતુષ્ટ હોય તેમ પ્રશંસા કરતા હોવાથી રેંજ આઈજીએ ફરીયાદો રજુ કરવા ટકોર કરવી પડી**



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૨

ગીર સોમનાથ જિલ્લા પોલીસનું ત્રિદિવસીય ઈનસ્પેકશન કર્યાબાદ આજે રેંજ આઈજીએ પોલીસ વિભાગને લગતા પ્રશ્નો જાણવા જિલ્લાના રાજકીય અને સામાજીક આગેવાનો સાથે લોકદરબાર યોજેલ હતો. જેમાં આગેવાનો દ્વારા જિલ્લા પોલીસની કામગીરી અંગે આગેવાનો દ્વારા ભરપુર પ્રશંસા કરતા હોવાથી રેંજ આઈજીએ વખાણના બદલે પ્રશ્નો કે ફરીયાદો હોય તો તે કરવા ટકોર કરવી પડી હતી.

ગીર સોમનાથ જિલ્લા પોલીસના જુદા જુદા પોલીસ સ્ટેશનોની વાર્ષિક કામગીરીનું ત્રણ દિવસ સુધી ઈન્સ્પેકશન કર્યા બાદ આજે રેંજ આઈજી નિલેશ જાંજડીયા એ પોલીસ વડા કચેરીની કામગીરી પોલીસવડા મનોહરસિંહ જાડેજા પાસેથી જાણી હતી. બાદમાં સાંજે જિલ્લા ભરના આગેવાનો સાથે લોકદરબાર યોજ્યો હતો. જેમાં ધારાસભ્ય ભગાભાઈ બારડ, પૂર્વ ધારાસભ્ય જશાભાઈ બારડ, રાજશીભાઈ જોટવા, જિલ્લા પ્રમુખ મહેન્દ્ર પીઠીયા, મહામંત્રી દિલીપ બારડ, અમિત ઉનડકટ, ડાયાભાઈ જાલોનધરા, રાજવીરસિંહ ઝાલા, માનસિંહ પરમાર સહિત રાજકીય-સામાજીક નેતાઓ દ્વારા આગણીના વેઢે ગણી શકાય તેટલા જ પ્રશ્નો રજુ કર્યા હતા. મોટાભાગના આગેવાનો પોલીસની કામગીરીથી વધુ પડતા સંતોષ હોય તેવી રજૂઆતો કરી હતી.

**આ લોકદરબારમાં મોટાભાગના આગેવાનો દ્વારા જિલ્લામાં પોલીસની કામગીરી સારી હોવાની પ્રસંશા જેવી વાતો રજુઆત રૂપે કરી રહેલ ત્યારે અધવચ્ચે રેંજ નિલેશ જાંજડીયાએ પોલીસને લગતી કટાક્ષભરી ફરીયાદો હોય તો તેની રજુઆત કરવા ટકોર કરતા સૌ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.**

---

# કેશોદ પોલીસ પ્રજાનો મિત્ર હોવાનું સાબિત કરી ગુમશુદા પુત્રનું માતા સાથે મિલન કરાવ્યું

(કમલેશ જોષી દ્વારા)

કેશોદતા.૨૨



કેશોદ શહેર અને આસપાસના વિસ્તારમાં જાહેર સ્થળો, જાહેર માર્ગો પર અંગકસરતના કરતબો રજૂ કરી આજીવિકા મેળવતાં પરિવારનો દશ વર્ષનો પુત્ર ગુમ થઈ જતાં ચિંતાગ્રસ્ત પરિવાર કેશોદ પોલીસ સ્ટેશન પહોંચી પોલીસ ઈન્સપેકટર બી. બી. કોળીને આપવીતી જણાવી ગુમ થયેલ પુત્રને શોધી આપવા વિનતી કરી હતી. જુનાગઢ જિલ્લાના પોલીસ વડા હર્ષદ મહેતા અને કેશોદ પોલીસવિભાગના ડીવાયએસપી બી. સી. ઠક્કર દ્વારા લોકો સાથે સુમેળભર્યો વ્યવહાર રાખી પોલીસ પ્રજાનો મિત્ર હોવાનો સંદેશ આપવા સુચના અને માર્ગદર્શન આપવામાં આવતું હોય છે ત્યારે કેશોદ પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ દ્વારા વિશ્વાસ અપાવી તપાસ શરૂ કરી હતી. સવારે દશ વાગ્યાના સુમારે કરતબો નો અંગકસરતના ખેલ કરતા સુમનબેનનો પુત્ર બાબા ઉર્ફ રાજુ ઉવ.૧૦ વાળો ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયેલ હોવાની કેશોદ પો.સ્ટે જાણ કરતા ટેકનિકલ સોર્સથી તપાસ કરતા સદરહુ બાળક હાલ મેંદરડા તાલુકાના સાસણ ગામ ખાતે હોવાની માહિતી મળતા તુરંત સદરહુ બાળકના ફોટોગ્રાફ મગાવી બાળકી માતાને બતાવતા સદરહુંફોટો જણાવેલ બાળક છે જે પોતાનો જ દીકરો બાબા ઉર્ફ રાજુ હોવાનું જણાવતા તુરંત એક ટીમ બનાવી જેમાં પો.કોન્સ યશવંતસિંહ જયસિંહ યાદવ તથા પો.કોન્સ જીયેન્દ્રસિંહ જીવાભાઈ સીસોદીયા નાઓને સાસણ ખાતે રવાના કરી બાળકને હેમખેમ રીતે પરત લાવી તેની માતાને સોંપી આપેલ છે. કેશોદ પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સપેકટર બી. બી. કોળી અને પોલીસ સ્ટાફ દ્વારા પોલીસ પ્રજાનો મિત્ર છે એ સુત્રને સાબિત કરી પુત્રનું માતા સાથે સુખદ મિલન કરાવી આપ્યું હતું.

---

## આનંદ, ઉત્સાહ સાથે ખંભાળિયાનો શિરેશ્વર લોકમેળો સંપન્ન

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૨

ખંભાળિયાના શક્તિનગર વિસ્તારમાં સોમવારથી શરૂ થયેલો ચાર દિવસનો લોકમેળો ગઈકાલે ગુરૂવારે મધ્યરાત્રીના પૂર્ણ થયો હતો. ચાર દિવસ દરમ્યાન લાખોની સંખ્યામાં મેળા શોખીનોએ મોજ માણી હતી. ત્યારે એકંદરે શાંતિપૂર્ણ રીતે આ લોકમેળો સંપન્ન થતા ગ્રામ પંચાયત સાથે તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. ગઈકાલે ગુરૂવારે છેલ્લા દિવસે વરસાદનું વિઘ્ન ન નડતા સવારે તેમજ રાત્રે ખૂબ મોટી સંખ્યામાં લોકો આ મેળામાં ઉમટી પડ્યા હતા. ખંભાળિયા શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારો તેમજ જિલ્લાના જુદા જુદા ગામોમાંથી હજારોની સંખ્યામાં લોકો એ મેળાને મન ભરીને માણ્યો હતો. ગઈકાલે ઢળતી સાંજથી રાત્રી સુધી આ લોકમેળામાં હૈયે હૈયું દળાય તેટલી જનમેદની જોવા મળી હતી.




---

<u>દ્વારકા લોહાણા મહાજનના નવનિયુકત ટ્રસ્ટીઓ સમાજવાડીનું નવનિર્માણ કરવા તૈયાર પરંતુ....?</u>

# 'વિઘ્નહર્તા' લોહાણા મહાજનવાડીના નવનિર્માણમાં આડે આવતા 'વિઘ્નકર્તા'ને સદબુધ્ધિ આપે

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૨

દ્વારકા લોહાણા મહાજનવાડી હાલમાં અત્યંત જર્જરીત અને બીસ્માર હાલતમાં હોય સમાજના લોકોને વાડીમાં પ્રસંગ કરવામાં પારાવાર મુશ્કેલી પડે છે. સમાજ વાડીની સ્થિતિ જોતા એવું જણાય છે કે દ્વારકાના રઘુવંશી સમાજની ખરેખર કમનસીબી કહેવાય કે સધ્ધર લોહાણા સમાજની વાડી આવી ખખડધજ હાલતમાં છે. તાજેતરમાં દ્વારકા લોહાણા મહાજનના નવા ચાર ટ્રસ્ટીઓ નિયુકિત પામ્યા છે અને વાડીના નવનિર્માણ માટે સંપુર્ણ તૈયારી દર્શાવી છે ત્યારે વયોવૃધ્ધ ચાર ટ્રસ્ટીઓ પૈકી એક ટ્રસ્ટી હવનમાં હાડકા નાખી રહયા છે અને નવા-નવા પાયા વિહોણા પ્રશ્નો ઉભા કરીને વાડીના નવનિર્માણના કામમાં રોડા નાખી રહ્યા છે અને તેમના મળતીયાને ટ્રસ્ટીમાં લેવા માટે ધમપછાડા કરી રહ્યા છે. ખરેખર તો સીતેર વટાવી ચુકેલા ટ્રસ્ટીઓએ સ્વૈચ્છીક રાજીનામા આપી દેવા જોઈએ તેના બદલે ચાર વયોવૃધ્ધ ટ્રસ્ટીઓ પૈકી એક ટ્રસ્ટીને હજુપણ સતાનો મોહ છુટતો નથી અને આજીવન શાસન ચલાવવાની નેમ સાથે પોતાનું ધાર્યુ થાય તે કામ સારૂ બાકી બધા કામ ખરાબ અને બાકી બધા ટ્રસ્ટીઓ પણ ખરાબ ? એવી મનમાની આ ટ્રસ્ટી દ્વારા હાલમાં કરાઈ રહી છે. અન્ય ત્રણ વયોવૃધ્ધ ટ્રસ્ટીઓ તો રાજીનામા આપી દેવા તૈયાર છે તેવું સૂત્રોમાંથી જાણવા મળેલછે. 'ખાતો નથી અને કોઈને ખાવા દેતો નથી' એ કહેવત મુજબ જ્ઞાતિના એક ટ્રસ્ટી દ્વારા 'કામ કરતો નથી અને કોઈને કામ કરવા દેતો નથી' એ કહેવત હાલમાં સમાજવાડી બનાવવાના કાર્યમાં આ ટ્રસ્ટી દ્વારા સાર્થક કરાઈ રહી છે. નાનું બાળક હોય તો તે જીદ કરે તે સ્વભાવીક છે પરંતુ સીતેર વટાવી ચુકેલા અમુક લોકો બાળકબુધ્ધિ વાપરે એ કેટલા અંશે યોગ્ય ગણાય ? 'વિઘ્નહર્તા' લોહાણા મહાજનવાડીના નવનિર્માણમાં આડે આવતા 'વિઘ્નકર્તા'ને સદબુધ્ધિ આપે તેવું દ્વારકાના રઘુવંશીઓ ઈચ્છી રહ્યા છે.

# ઐતિહાસીક ઉપરકોટનું તા.૨૮ સપ્ટેમ્બરના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સંભવીત લોકાર્પણ

## રૂા.૭૪ કરોડના ખર્ચે નવીનિકરણ પામેલા 'ઉપરકોટ' પ્રવાસી જનતા માટે બનશે આકર્ષણનું કેન્દ્ર
















(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢની શાન અને ઐતિહાસીક નજરાણું એવા સુપ્રસિધ્ધ ઉપરકોટનું લોકાર્પણ સંભવીત તા.૨૮ સપ્ટેમ્બરના રોજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તો કરવામાં આવનાર છે અને જે અંગેની તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જોકે, સત્તાવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવનાર છે.

ઐતિહાસિક નગરી એવી જૂનાગઢમાં રાજારજવાડા અને નવાબીશાસન કાળના દિવસોને યાદગાર બનાવી આપે તેવા અનેક ઐતિહાસીક ઈમારતો આ શહેરમાં રહેલી છે. પરંતુ જાણવળીના અભાવે આવી ઈમારતો જીર્ણશીણ થઈ ગઈ છે. બીજી તરફ સૈકાઓથી ઉભેલો ઉપરકોટનો સુપ્રસિધ્ધ કિલ્લો આ શહેરને અનેરી દાસ્તાન પુરી પાડી રહ્યો છે. આવા ઉપરકોટના આ સુપ્રસિધ્ધ કિલ્લાના રિનોવેશનની કામગીરી છેલ્લા ચાર વર્ષ ઉપરાંતથી ચાલી રહ્યું છે. સવાણી હેરીટેજ કન્ઝરવેશન પ્રાઈવેટ લીમીટેડની આ જાણીતી કંપની દ્વારા તેના રિસ્ટોરેશનની કામગીરી પુરજોશથી હાથ ધરવામાં આવી હતી અને ઉપરકોટનો આ કિલ્લો ભારે જહેમત બાદ નવીનિકરણ પામ્યો છે. ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા બે તબક્કામાં અપાયેલી ગ્રાન્ટને લઈને અંદાજીત રૂા.૭૪ કરોડના ખર્ચે રિનોવેશન (રિસ્ટોરેશન) ની કામગીરી હાથ ધરવામાં આવી હતી. રિનોવેશનની કામગીરીમાં નોંધનીય બાબત એ હતી કે જે સ્થિતિમાં ઉપરકોટનું નિર્માણ થયું હતું તેવી સ્થિતિ યથાવત જાળવી રાખવાના ભાગરૂપે જરૂરી મટીરીયલ્સ વાપરવામાં આવેલ છે. ૧૦૦ કરતા પણ વધારે કારીગરો દ્વારા આ રિસ્ટોરેશનની કામગીરી ભારે જહેમત બાદ પુર્ણ કરી છે અને હવે તેની ઉદઘાટનની ઘડીઓ ગણાઈ રહી છે. નાવીનિકરણ પામેલા આ ઉપરકોટમાં અનેક સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. અહી આવનારા પ્રવાસી જનતાને અનેક પ્રકારનું સુખ પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. અઢી કિલોમીટરનો વોક-વે બનાવવામાં આવેલ છે અને સાઈકલ ચલાવવા માટે ત્રણ કિલોમીટરનો માર્ગ બનાવવામાં આવેલ છે.

આ ઉપરાંત લેન્ડસ્કેપીંગ, ચિલ્ડ્રન પાર્ક, અધ્યતન લાઈટ સુવિધા તેમજ ઉપરકોટના ઈતિહાસને સાંકળતી લાઈટ એન્ડ સાઉન્ડ શો અંદાજીત ૩૦ મિનીટ દર્શાવવામાં આવશે. આ ઉપરાંત અહીં આવનારા પ્રવાસીઓને ઉપરકોટ સુધી પહોંચવું હોય તો સાંકડા રસ્તામાં પાર્કિંગ તેમજ પ્રવેશની મુશ્કેલી ઉભી થતી હતી. ભારે વાહનોને ક્યાં પાર્ક કરવા તે મોટો પ્રશ્ન હતો. દરમ્યાન ટ્રાફીકની સમસ્યાનો નિવેડો લાવવા માટે એક અદભુત સ્કીમ હાથ ધરવામાં આવનાર છે. આ સ્કીમ અંતર્ગત અડીકડી વાવના પાછળના રસ્તા ભરડાવાવથી ભવનાથ જતા માર્ગ ઉપર એક લીફટની સુવિધા મુકવામાં આવશે. એટલું જ નહી પાર્કિંગ માટે પણ ખુબ જ સારી વ્યવસ્થા કરવામાં આવશે અને અંદાજીત રૂા.૫ કરોડના ખર્ચે આ યોજના હાથ ધરવામાં આવશે તેવા નિર્દેષો મળી રહ્યા છે. વિશેષમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તો સંભવીત તા.૨૮ સપ્ટેમ્બરના રોજ નાવીનિકરણ પામેલા ઉપરકોટનું લોકાર્પણ કરવાનું હોય તેને લઈને સ્થાનિક તંત્ર દ્વારા તેમજ જીલ્લા વહિવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ઉપરકોટને ખુલ્લો મુકયા બાદ પ્રવાસી જનતા તેમજ જૂનાગઢ શહેરની જનતા માટે ટિકીટના દરનું પેકેજ પણ જારી કરવામાં આવનાર છે અને સંભવત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે લોકાર્પણ થયા બાદ ટિકીટના દર અંગેની જાહેરાત પણ કરવામાં આવે તેવી સંભાવના છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ઐતિહાસીક અને પ્રવાસન સ્થળોના વિકાસ માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા હિન્દી ફિલ્મી ઉદ્યોગના મહાનાયક અમિતાભ બચ્ચનને લઈને એક ગુજરાતી ફિલ્માંકન કરવામાં આવેલ હતું અને કુછ દિન ગુજારો ગુજરાતમેની એડ ફિલ્મ બનાવવામાં આવી હતી. અમિતાભ બચ્ચનના ઘેરા અવાજમાં કુછ દિન ગુજારો ગુજરાતમેની આ એડ ફિલ્મ પ્રસારીત કર્યા બાદ પ્રવાસન સ્થળોએ પ્રવાસી જનતાની મુલાકાતમાં વધારો પણ થયો છે અને હવે કુછ સમય ગુજારો ઉપરકોટના કિલ્લામાં તે ઘડી આવી પહોંચી છે અને જેનો લઈને જૂનાગઢવાસીઓમાં પણ આનંદની લાગણી વ્યાપી ગઈ છે. ૨૦૨૩ના વર્ષમાં જૂનાગઢને એક નવીનિકરણ પામેલા ઉપરકોટની ભેટ અમૂલ્ય નજરાણારૂપે મળી રહી છે.


# ૐ નેચર કયોર સેન્ટર
## ડો. સી.ડી. ઓઝા

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**
**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨


# એસટીની મુસાફરી માટે બોગસ પાસ કૌભાંડ : ચેકિંગમાં બે શખ્સોની ધરપકડ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ એસટી ડેપો ખાતે સતાપર રૂટની બસનું ચેકિંગ કરવામાં આવતા એસટીની મુસાફરી માટે બોગસ પાસ કૌભાંડ બહાર આવતા અધિકારીઓ ચોંકી ગયા હતા. પોલીસે ફરિયાદના આધારે માણાવદર પંથકના ૨ ઈસમની અટક કરી આ ઈસમોને ખોટા પાસ બનાવી આપનાર તેના મિત્રની શોધખોળ હાથ ધરી છે. એસટીના ઈન્ચાર્જ ટ્રાફિક ઈન્સ્પેકટર યુવરાજસિંહ ભોવાનસિંહ જાડેજા અને આસિસ્ટન્ટ ટ્રાફિક ઈન્સ્પેક્ટર હેતલભાઈ મથુરભાઈ રૂધાણીએ ગુરૂવારે સવારે જૂનાગઢ એસટી ડેપો ખાતે સતાપર-જૂનાગઢ લોકલ રૂટની જીજે-૧૮-ઝેડ-૪૯૭૪ નંબરની એસટી બસના ૭૫ જેટલા મુસાફરોની ટિકિટનું ચેકિંગ હાથ ધર્યુ હતું. આ કાર્યવાહી દરમ્યાન માણાવદર તાલુકાના દેશીંગા ગામના ગોપાલ મસરીભાઈ કંડોરીયા અને અભય જગદીશભાઈ કંડોરીયાએ ૫૦ ટકા ડિસ્કાઉન્ટ વાળા પાસ બતાવ્યા હતા. પરંતુ પાસમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાનું જણાતા બંનેના પાસની ખરાઈ કરાવવામાં આવતા બંનેના પાસમાં દર્શાવવામાં આવેલ ઈશ્યુ તારીખે આવા કોઈ પાસ ઈશ્યુ થયા ન હોવાનું જણાતા બંને પાસેથી ચાર બનાવટી પાસ કબજે કરવામાં આવ્યા હતા. અને ૬૮ દિવસ રૂપિયા ૫૮૯૬ની મુસાફરી ખોટા પાસના આધારે કરી હોવાની ફરિયાદ ટ્રાફિક ઈન્સ્પેકટર યુવરાજસિંહ જાડેજાએ કરતા ડિવિઝન પોલીસે બંનેની અટકાયત કરી હતી. પુછપરછમાં આ ઈસમોને તેનો માણાવદર તાલુકાના સણોસરા ગામે રહેતો મિત્ર રૂપેન હરીશ રાઠોડે બનાવી આપ્યા હોવાનું જણાવતા પોલીસે તેની સામે પણ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## ગડુ-ચોરવાડ હાઈવે ઉપર ડમ્પર સાથે મોટરસાઈકલ અથડાતા અકસ્માત : યુવાનનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

ચોરવાડ તા.૨૨

વેરાવળના સાગર ચોક ખાતે રહેતા નરેન્દ્રભાઈ પદમભાઈ કુહાડા(ઉ.વ.૨૫) પોતાના હવાલાનું સુઝુકી કંપનીનું મોટરસાઈકલ નંબર જીજે-૩૨-એસી-૮૧૪૯નું લઈને જઈ રહ્યા હતા તે દરમ્યાન રોડની સાઈડમાં પાર્ક કરેલ ટ્રક નંબર જીજે-૩૨-ટી-૫૪૧૮ની પાછળ જમણી બાજુ બમ્પર સાથે મોટરસાઈકલ ભટકાવતા સાહેદોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. જયારે નરેન્દ્રભાઈનું ગંભીર ઈજાથવાને કારણે મૃત્યું થયું છે. તા.૧૭-૯-૨૦૨૩ના રોજ આ બનાવ બન્યો હતો અને ગઈકાલે ચોરવાડ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વિસાવદર, બાંટવા પંથકમાં જુગાર દરોડો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

વિસાવદર તાલુકાના રબારીકા ગામે નાગભાઈ ભીખુભાઈ વાળાના મકાનમાં પોલીસે જુગાર અંગે દરોડો પાડતા કુલ રૂા.૮૨,૦૨૦ના મુદ્દામાલ સાથે ચાર શખ્સોને જુગાર રમતા ઝડપી લેવામાં આવેલ છે.

આ ઉપરાંત બાંટવા પોલીસે વડાળા ગામની સીમમાં વલ્લભભાઈ મુળજીભાઈ ભેતળીયાની વાડીમાં આવેલ ઓરડીમાં જુગાર અંગે દરોડો પાડતા સાત શખ્સોને રૂા.૬૪,૬૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે.

## વંથલી જૂનાગઢ રોડ ઉપર વાડલા ફાટક નજીક સ્કુટર સવાર બે શખ્સોનો શિક્ષક દંપતિ ઉપર હુમલો

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૨૧

માણાવદર તાલુકાના સરાડીયાની શાળામાં ફરજ બજાવતા શિક્ષક અને તેના પત્ની જૂનાગઢ પરત આવી રહયા હતા ત્યારે વાડલા ફાટક નજીક હોર્ન મારતા ઉશ્કેરાયેલા સ્કુટર સવાર બેશખ્સોએ શિક્ષક પર હુમલો કર્યો હતો. શિક્ષકના પત્ની વચ્ચે પડતા તેને પણ માર માર્યો હતો. આ અંગે ફરીયાદ થતા પોલીસે ગુનો દાખલ કર્યો હતો. આ બનાવના વિરોધમાં માણાવદર તાલુકા શિક્ષક સંઘે મામલતદાર અને ધારાસભ્યને આવેદનપત્ર આપી હુમલો કરનાર અસામાજીક તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

જૂનાગઢ ઝાંઝરડા રોડ પર રહેતા અને સરાડીયાની શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા શૈલેષભાઈ કાંતીભાઈ કનેરીયા, અને જીલાણા નોકરી કરતા તેના પત્ની હંસાબેન, વડા પ્રાથમીક શાળામાં નોકરી કરતા રાજભાઈ જુલાસણા અને લીંબુડા પ્રાથમિક શાળામાં નોકરી કરતા દેવાંગીબેન ભટ્ટ એક કારમાં પરત જૂનાગઢ આવી રહયા હોય દરમ્યાન વાડલા ફાટક નજીક એક સ્કુટર ચાલક અને બાઈકચાલક વાતો કરતા હોય આથી શિક્ષક શૈલેષભાઈએ હોર્ન મારેલ આથી રોડ વચ્ચે સ્કુલ ચલાવેલ તેની સાઈડ કાપતા સ્કુટર ચાલકે કારની આગળ કરી કાર કરો શૈલેષભાઈને બહાર ખેંચી ગાળોઆપી ઢીકાપાટુનો મારમારી પછાડી દીધા હતા. આ દરમ્યાન શૈલેષભાઈના પત્ની વચ્ચે આ શખ્સો તેમને પછાડી દઈ મુંઢ મારમાર્યો હતો. એક શખ્સે પથ્થર ઉપાડી તને પતાવી દેવો છે તેમ કહી ધમકી આપી હતી. સાથે રહેલા શિક્ષક રાજભાઈ અને દેવાંગીબેને વચ્ચે પડી શિક્ષક દંપતીને છોડાવ્યું હતું. શૈલેષભાઈને હાથમાં ફેકચર થઈ જતા જૂનાગઢ ખાનગી હોસ્પિટલમાં ખસેડાવામાં આવેલ હતા. આ અંગે શૈલેષભાઈએ ફરીયાદમાં નોંધાવતા વંથલી પોલીસે સ્કુટર સવારે બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.